Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.

આત્મ સં. ૫૪

અંક ૯ મો. તા. ૧૪-૪-૫૦ ચૈત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ જિનેશ્વર સ્તવન ... | ( લે. જંબૂવિજયજી મહારાજ ) | ૧૬૫ |
| ૨ | અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનના ફોટાનો પરિચય ... | ( લે. એક જાણકાર યાત્રાળુ ) | ૧૬૬ |
| ૩ | શ્રી સાધારણ જિન સ્તવન ... ... ... | ( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ ) | ૧૬૭ |
| ૪ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ ... ... | ( લે. શ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૧૬૮ |
| ૫ | તત્ત્વાવબોધ ... ... ... ... | ( લે આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૭૫ |
| ૬ | સ્મરણ, સંખ્યા, સંજ્ઞા, ઇત્યાદિ ... | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીઆ એમ. એ. ) | ૧૭૮ |
| ૭ | સોનેરી સુવાકયો ... ... ... ... ... | ( લે. અચ્છાબાબા ) | ૧૮૧ |
| ૮ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... | ( સભા ) | ૧૮૨ |


## જૈન સસ્તું સાહિત્ય અને ઇનામી નિબંધ સંબંધી.

શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ. હાવરાવાળાનો નિબંધ, આવેલા સર્વ નિબંધો પૈકી ( તેમનો ) પ્રથમ દરજ્જે કમીટીએ પાસ કરેલો હોવાથી રૂા. ૪૦૦) ધારા પ્રમાણે તેમને વેતન આપવામાં આવે છે. બાકીના જે જે વ્યક્તિઓના નિબંધ આવ્યા છે તેમને સરખે ભાગે પચાશ પચાશ મળી કુલ રૂપીયા બશેહ આપવાના છે. બીજો નિબંધ **"નમસ્કાર મહામંત્ર"** એ લેવાનું કમીટી અને ટ્રસ્ટીઓએ મળી નિર્ણય કર્યો છે. તેની વિગત અને મુદ્દત હવે પછી જણાવવામાં આવશે.

---

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે?
## સ્થિતિ સંપન્ન જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું:—

ગયા અંકોમાં જણાવ્યા પ્રમાણે **ગયા ત્રણ વર્ષોમાં** રૂા. ૪૫) ના પુસ્તકો જે ( આત્મકલ્યાણના ઇચ્છુકને તે રીતે,–આર્થિક લાભની દૃષ્ટિવાળાને તે રીતે ) દર વર્ષે પેટ્રન, તથા લાઇફ મેમ્બરોને પૂર્વાચાર્ય મહારાજકૃત મહાપુરૂષો અને સ્ત્રી રત્નોના સચિત્ર સુંદર આકર્ષક મ્હોટા ગ્રંથોના ભેટનો લાભ પુષ્કળ રીતે આ સભાએ ઉદારતાથી આપેલો છે, જેથી જૈન બ્હેનો અને બંધુઓને ગુરૂ, જ્ઞાન, તીર્થ અને સાહિત્ય ભક્તિનો લાભ મળવા સાથે આત્મ કલ્યાણ અને આર્થિક લાભ બંને દૃષ્ટિએ મળતો હોવાથી સ્થિતિ સંપન્ન બ્હેનો અને બંધુઓએ આ સભામાં નવા લાઇફ મેમ્બર થઇ સુકૃતની લક્ષ્મીનો લ્હાવો લેવા જેવું છે, તે માટે વાંચો. ભેટ આપવાના ગ્રંથોની જાહેર ખબર નીચે મુજબ:—

---


## અમારા માનવંતા લાઇફ મેમ્બરો નમ્ર સુચના.

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે ૧ શ્રી દમયંતી ચરિત્ર સચિત્ર ૨ શ્રી જ્ઞાન પ્રદીપ ભાગ બીજો, ૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો અને જૈન મતનું સંક્ષિપ્ત સ્વરૂપ એ રીતે ચાર ગ્રંથો રૂા. ૧૩–૮–૦ ના કિંમતના પોસ્ટેજ પુરતા ૧–૪–૦ વી.પીથી ( ગેરવલ્લે ન જાય માટે ) આવતા માસમાં વૈશાખ શુદી ૩ અક્ષયતૃતીયાથી ભેટ મોકલવામાં આવશે, તેમજ બીજા વર્ગના લાઈફ મેમ્બરોને નં. ૩ નં. ૪ ભેટ અને નં. ૧–નં. ૨ દરેકમાં બે રૂપીયા કમી કરી તે બે ગ્રંથો માટે સભાને પત્ર લખી જણાવશે તેને જ ચાર એક સાથે મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવા માનવંતા પેટ્રનસાહેબ



શ્રીમાન્ શેઠસાહેબ સકરચંદભાઈ મોતીલાલ
રાધનપુરવાળા હાલ મુંબઈ

KUMAR PRINTERY, AHMEDABAD

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ શ્રી સકરચંદભાઈ મોતીલાલ (રાંધનપુર) નો જીવનપરિચય

A 73

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતની છત્ર છાયા નજીક આવેલું રાંધનપુર શહેર કે જ્યાં કળા સૌંદર્યથી વિભૂષિત જિનેશ્વર ભગવંતના મંદિરો, ઉપાશ્રયોવડે તીર્થધામ જેવું ગણાય છે. અનેક આચાર્યમહારાજો, પવિત્ર મુનિરાજોનાં પવિત્ર ચરણો, વ્યાખ્યાન અને ઉપદેશવડે જૈન ધર્મના હજી સુધી અનેક જૈન સંસ્કારી કુટુંબો પરંપરાથી લક્ષ્મી, વ્યાપાર વૈભવથી પરિપૂર્ણ સ્થિતિએ વસેલાં હોવાથી જૈન પુરી તરીકે જેની ગણના થતી આવેલી છે. તે રાધનપુર શહેરમાં શેઠ શ્રી **સકરચંદભાઇનો** જન્મ સંવત ૧૯૩૮ ના અસાડ વદી ૬ નાં રોજ શ્રાવક-કુલભૂષણ જૈન નરરત્ન શેઠ શ્રી **મોતીલાલભાઈ** મુળજીને ત્યાં થયો હતો. લઘુ વયમાં સામાન્ય કેલવણી લઇ પૂજ્ય પિતાજી શેઠ મોતીલાલભાઇ કે જેઓ મુંબઇમાં સારા વ્યાપારી, શ્રીમંત, પ્રતિષ્ઠિત અને જૈન સમાજમાં અગ્રગણ્ય ગણાતા હતા, ત્યાં પિતા સાથે સકરચંદભાઇ વેપારમાં જોડાયા. દેવ, ગુરુ, ધર્મના પરમ ઉપાસક હોવા સાથે શ્રાવકોચિત્ત નિરંતર ક્રિયા એ તેમનો મુખ્ય વિષય હતો. સકરચંદભાઇને વારસામાં જ વ્યાપાર, લક્ષ્મી, જૈન સંસ્કાર વગેરે પુણ્યયોગે પિતા તરફથી જ સાંપડ્યા હતા. પિતાનાં સ્વર્ગવાસ પછી જૈનતીર્થો, ઉપાશ્રય, મનુષ્ય રાહત, કેલવણી વગેરે અનેક ધાર્મિક ખાતાઓમાંની સખાવતો ચાલુ રાખવાથી જૈન સમાજમાં શ્રી સકરચંદભાઇની પ્રતિષ્ઠા વધી, જેથી કેટલીક સંસ્થાઓમાં ટ્રસ્ટી, મેનેજીંગકમીટીના સભ્યો પણ થયેલા છે. પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી મહારાજ** અને તેના સમુદાયના મુનિ મહારાજાઓના સકરચંદભાઇ પિતાની જેમ અનન્ય ભકત છે. સ્વભાવે શાંત, સરલ, નિરભિમાની અને માયાળુ છે. તેમની જાણવામાં આવેલી નીચેની સખાવતો જ તેઓ એક શ્રાવકકુલભૂષણ જૈન નરરત્ન છે તેમ જણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

2996

પંજાબ અંબાલામાં જૈન કોલેજની મદદ માટે રૂા. ૮૦૦૦) તથા લુધીયાના અને માલેરકોટલામાં જૈન હાઇસ્કુલો માટે રૂા. ૧૬૦૦૦) શ્રી મુંબઇ મહાવીર જૈન વિદ્યાલયમાં રૂા. ૧૦૦૦૦) વડે પેટ્રન થયા, અને શિવપુરી કેલવણી સંસ્થાના, શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ ફંડ, જૈન ગુરૂકુલ પાલીતાણા, શ્રી શંખેશ્વરજી તીર્થ જૈન ભોજનશાળાના સ્થાપક તથા પંદર હજારના ખર્ચે જૈન ધર્મશાળા બંધાવીને પણ લાભ લીધો છે. રાંધનપુરમાં પિતાને નામે ચાલતી હોસ્પીટાલ, સદાવ્રત, સુવાવડખાતું, પાઠશાલા, જૈન વિદ્યાર્થીઓને કેલવણી માટે ઉત્તેજન વગેરે ખાતાના દેખરેખ રાખે છે. સ્વામીવાત્સલ્ય ઉપર પ્રેમભાવ હોવા સાથે પ્રજાની રાહત માટે પણ ગયે વર્ષે છ હજાર રૂપીયા પીવાના પાણીની સગવડ માટે આપેલ છે. વળી પ્રાતઃસ્મરણીય આત્મારામજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા જે શ્રી શત્રુંજય ઉપર થયેલ છે ત્યાં મહારાજશ્રીનાં જન્મદિન ( ચૈત્ર સુદી ૧ નાં રોજ ) આ સભા તરફથી જન્મ જયંતિ ઉજવાય છે, તે માટે રૂા. ત્રણ હજાર આ સભાને સુપ્રત કરેલ હોવાથી, આ સભાના સભ્યો દર વર્ષે તે દિવસે તીર્થયાત્રા, દેવ, ગુરુપૂજન, પૂજા ભણાવવા, અંગરચના વગેરે વડે દેવ, ગુરુભકિત વગેરેનો લાભ લે છે. આવા એક ધર્મવીર શેઠ સકરચંદભાઇને પણ પોતાના પૂજ્ય પિતાશ્રી જેમ આ સભા ઉપર સંપૂર્ણ પ્રેમ હોઇ કાર્યવાહીથી સંતોષ પામી, આ સભાનું માનવંતુ પેટ્રન પદ સ્વીકારવાથી સભાની પ્રતિષ્ઠામાં વધારો પણ થયેલ છે. તેઓ શ્રી દીર્ઘાયુ થઇ શારીરિક, આર્થિક, આધ્યાત્મિક લક્ષ્મીને વિશેષ વિશેષ પ્રાપ્ત કરે તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. ચૈત્ર પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪ મી એપ્રીલ ૧૯૫૦ :: અંક ૯ મો.

## श्री अन्तरिक्षपार्श्वनाथ जिनेश्वर स्तवन.

( राग–जब तुमही चले परदेश. )

श्री अन्तरिक्षप्रभु पास, पूरो हम आश
स्वामी सुखकारा, सेवकका करो उद्धारा
विदर्भदेशके शिरपुरमें, तुम जाकर बैठे दूरदूरमें
तुम दर्शनको आया हूँ जिनजी प्यारा...सेवक० १
तुम सेवामें मैं आया हूं, महापुण्यसे दर्शन पाया हूँ
आनंद हुआ है दिलमें आज अपारा....सेवक० २
तम मूर्ति अद्धर रहती है, अतिचमत्कार चित्त देती है
तुम महिमा जगमें सोहे अपरंपारा....सेवक० ३
प्रभु तुमने रोग मीटाया है, श्रीपालका कोढ हटाया है
मुज दुःख हरो करुणारसके भंडारा....सेवक० ४
तुम नामको नित्य समरता हूँ, करजोडके विनति करता हूँ
जंबूको है प्रभु तेरा एक सहारा....सेवक० ५

रचयिता—मुनिराज श्री जंबूविजयजी महाराज.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના ફોટાનો પરિચય.

**શ્રી પાર્શ્વનાથ ભગવંતના ૧૦૮ જુદા જુદા નામો છે. આ અંકમાં શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ તીર્થમાં બિરાજમાન પ્રભુ સંબંધી એક ઐતિહાસિક લેખ આપીયે છીયે. લેખક** વિદ્વાન મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજ કે જેઓ પ્રાચીન ઇતિહાસનિષ્ણાત અને ન્યાયવેત્તા છે તેઓશ્રી જાતે તપાસ કરી શાસ્ત્રદ્વારા સાદ્દત મેળવીને જ લખે છે, જે આગલા ઇલોરા ગુફા તથા દેવગિરિના ઐતિહાસિક લેખોથી વાચકો માહિતગાર છે. તેઓ સાહેબનો લખેલ લેખ ઐતિહાસિક શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ તીર્થ સંબંધીનો આપવામાં આવેલ છે, પરંતુ હાલ તે તીર્થમાં બિરાજમાન શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ પ્રભુનો પ્રથમ દર્શનીય સુંદર ફોટો આપી તે લેખ શરૂ કરવામાં આવેલ છે. આ તીર્થ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું જ છે એમ જાણવા પ્રમાણે ન્યાય કોર્ટથી સિદ્ધ થયું તેનો થોડો વૃત્તાંત આ લેખકશ્રી જાણકાર યાત્રાળુએ જેટલું જાણ્યું છે તેટલું સંક્ષિપ્તમાં આપેલ તે નીચે પ્રમાણે લેખ તરીકે મૂકીયે છીયે. —( તંત્રી )

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનના તીર્થની જૈન સમાજમાં ઘણા જ મોટા પ્રમાણમાં ખ્યાતિ અને પ્રસિદ્ધિ છે. આ તીર્થ **વરાડ** દેશના **આકોલા** જીલ્લાના **શિરપુર** ગામમાં આવેલું છે. ગામના એક છેડા ઉપર આપણું મંદિર આવેલું છે. મંદિરના કંપાઉન્ડમાં તેમ જ કંપાઉંડ બહાર મોટી ધર્મશાળા છે. મંદિરમાં ભોંયરાની અંદર એક ગોખલામાં નીચેથી મસ્તક સુધી ૩૬ ઇંચ ઊંચી અને ફણા સુધી ૪૨ ઇંચ તથા ૩૦ ઇંચ પહોળી શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બિરાજે છે. પ્રતિમાજી પાછળ તથા બંને પડખે ભીંતનો તેમ જ નીચે ભૂમિનો સ્પર્શ કર્યા વિના ભૂમિથી એક આંગળ અદ્ધર જ વિરાજમાન છે. પ્રતિમાજીની પલાંઠી પાસે બંને પડખે દીવા મૂકીને મૂર્તિની નીચે સર્વત્ર પથરાઈ જતો પ્રકાશ સ્પષ્ટ જોઇ શકાય છે.*

આ પ્રતિમાજીનું બીલકુલ આધાર વિના અદ્ધર રહેવું એ એક મહાન અતિશય છે. આ અતિશયને લીધે સેંકડો વર્ષોથી આચાર્યાદિ મુનિવરોનું અહીં યાત્રાર્થે આગમન ચાલુ જ રહ્યું છે. વાચકવર શ્રી **યશોવિજયજી** ઉપાધ્યાયજી મહારાજ પણ અહીં યાત્રાર્થે આવી ગયા છે. કેટલાયે ભાવિક શ્રાવકો સંઘ લઇને પણ અહીં આવી ગયા છે. યાત્રાર્થે આવેલા કેટલાક મુનિરાજો આ તીર્થના સંબંધમાં સંક્ષિપ્ત યા વિસ્તૃત નોંધ પણ લખતા ગયા છે કે જેમાંથી આપણને આ તીર્થ સંબંધી ઐતિહાસિક માહિતી મળી શકે છે. વર્તમાન જિનાલય શ્રી વિજયદેવસૂરિ મહારાજના શિષ્ય શ્રી ભાવવિજયજી ગણિમહારાજના ઉપદેશથી સં. ૧૭૧૫ માં બંધાયેલું છે.

આજથી પચાસ વર્ષ પૂર્વે આ તીર્થ **પોલકરો**ને નામે ઓળખાતા મરાઠા પૂજારીઓના હાથમાં જઇને પડેલું હતું. આપણો અધિકાર નામનો જ હતો. ઇસ્વીસન ૧૯૦૩માં શ્વેતાંબર-દિગંબરોએ મળીને કોર્ટમાં લડીને આ તીર્થ પોલકરોના તાબામાંથી છોડાવ્યું. ત્યારબાદ શ્વેતાંબર-દિગંબરોનું પરસ્પર ઘર્ષણ ન થાય તેટલા માટે બંને પક્ષોએ મળીને સરખે સરખું એક ટાઇમટેબલ નક્કી કર્યું કે તે પ્રમાણે વારાફરતી બંને પક્ષો પોતપોતાની વિધિ અનુસાર પૂજા કરે, પરંતુ છેવટે આ વ્યવસ્થા પણ ન ટકી. કહેવામાં આવે છે કે દિગં-

* આ લેખ પછીના લેખની પહેલાં આપેલ ફોટામાં આ મૂર્તિની વિશાલ અને ભવ્ય કાયાના તેમજ આકર્ષક-આહ્‌લાદક મુખારવિંદના દર્શન થાય છે, આ ફોટાની આશાતના ન થાય માટે આ ફોટાને કાઢી લઇ કાચની ફ્રેમમાં મઢાવી લેવાના વાંચકોને વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બરોએ કોઇ પણ વસ્તુવડે ઇસ્વીસન ૧૯૦૮ માં મૂર્તિ ઉપરના કચ્છોટ તથા કંદોરા વગેરે ભાગો ખોદી નાખ્યા અને આખો કેસ કોર્ટમાં ગયો. ૨૧ વર્ષ સુધી કેસ ચાલ્યો અને અંતે પ્રીવી-કાઉન્સીલના ઇસ્વીસન ૧૯૨૯ ના ચૂકાદા પ્રમાણે શ્વેતાંબરોને મંદિરના વહીવટનો સંપૂર્ણ અધિકાર તેમજ મૂર્તિ ઉપર કચ્છોટ વગેરે સાથે લેપ કરવાનો અધિકાર મળ્યો. જ્યારે દિગંબરોને ટાઇમટેબલમાં જણાવેલા વારા પ્રમાણે પૂજાનો અધિકાર મળ્યો.

લી૦ જાણકાર એક યાત્રાળુ.

# श्री साधारण जिन स्तवन.

(चाल अब तेरे सिवा कौन मेरा कृष्ण कन्हइया.)

मैं आप बिना कैसे बनुं ज्ञान धरैया,
अज्ञान अंधेरेको हटादे मेरे भैया;
घन राग-द्वेषकी बनी हुई ग्रन्थि तोडके,
समभावकी सीढीसे प्रभु भाव जोडके;
फिर मैं भी बनुं आप जैसा ध्यान बढैया—अज्ञान० १
जब शुक्लध्यान अग्निकी ज्वालायें जलेगी,
फिर घाति कर्म चारकी वे खाक करेगी;
एसीमें क्षपकश्रेणीका बन जाउं चढैया—अज्ञान० २
परभावको मैं छोड रमुं आत्मभावमें,
फिर तो मिटे अंतरप्रभु अपने स्वभावमें;
शुद्ध रूपका ही मैं तो बनूं शीघ्र घडैया—अज्ञान० ३
सोहंका जाप मैं जपूं प्रत्येक सास मैं,
जिस से अभेद भावसे रहता हूं पासमें;
अद्वैत भावका है प्रभु तूंही पढैया—अज्ञान० ४
शक्तिसे मैं भी एक हूं अपने में मिलालो,
कस्तूर कर्मपूञ्जको मुजपेसे उठालो;
फिर आत्मज्योति शाश्वती प्रगटावुं सदैया—अज्ञान० ५

આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આ અંકથી **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથજી તીર્થ** એ શીર્ષક નીચે શરૂ થતી લેખમાળામાં પૂર્વ મુનિરાજોએ આપેલા અંતરિક્ષજીનો ઇતિહાસ, પોલકરોના તાબામાંથી તીર્થની મુક્તિ, શ્વેતાંબર-દિગંબરોનું પૂજાનું ટાઇમટેબલ, શ્વેતાંબર-દિગંબર વિવાદ અને તેનો પ્રીવી કાઉન્સીલમાં આવેલો ચૂકાદો વગેરે વગેરે હકીકતોનો યથાયોગ વિસ્તારથી વિગતવાર ઉલ્લેખ આવશે માટે તેના જિજ્ઞાસુઓને આ લેખમાળા વાંચવા ભલામણ છે.

સાથે છપાયેલા શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના ફોટા સંબંધી સર્વ ખર્ચ આપવા બદલ સ્વ૦ શેઠ શુકલાલભાઇ હોશીલાલભાઇનાં ધર્મપત્ની શેઠાણી ધનાબેનને સભા ધન્યવાદ આપે છે. (તંત્રી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्री अंतरिक्षपार्श्वनाथजी तीर्थ.

**अंतरीक वरकाणो पास, जीरावलो ने थंभणपास।**
**गाम नगर पुर पाटण जेह, जिनवर चैत्य नमुं गुणगेह ॥**

આ **सकलतीर्थवंदन**સ્તોત્રની કડીથી પ્રાતઃકાલના પ્રતિક્રમણમાં આપણે જેમને નિત્ય નમન કરીએ છીએ તે **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથભગવાનનું** તીર્થ હમણાં **વરાડને** નામે ઓળખાતા પ્રાચીન **विदर्भ**દેશના **આકોલા** જીલ્લાના [1]**વાશીમ** તાલુકાના લગભગ ૨૦ ઉત્તર અક્ષાંશ અને ૭૦ પૂર્વ રેખાંશ ઉપર રહેલા **શિરપુર** નામના ગામમાં આવેલું છે. ગામના એક છેડા ઉપર આપણું જિનાલય છે. તેમાં ભોંયરાની અંદર એક મોટા ગોખલામાં લગભગ મસ્તક સુધી ૩૬ ઈંચ ઉંચી અને ફણા સુધી ૪૨ ઇંચ ઉંચી તથા ૩૦ ઈંચ પહોળી **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ**સ્વામીની મૂર્તિ બિરાજે છે. **अन्तरिक्ष** શબ્દનો અર્થ 'આકાશ' થાય છે. એટલે ઊંચે આકાશમાં અર્થાત્ કોઇ પણ આધાર વિના ભૂમિથી અદ્ધર રહેલી શ્રી પાર્શ્વનાથભગવાનની પ્રતિમા એવો શ્રી **अन्तरिक्षपार्श्वनाथ** શબ્દનો અર્થ થાય છે. અને ખરેખર આ પ્રતિમાજી ભૂમિનો જરાપણ આધાર રાખ્યા સિવાય તેમજ પાછળ તથા બંને પડખે ભીંતનો જરાપણ સ્પર્શ કર્યા વિના ભૂમિથી એક આંગળ અદ્ધર જ [2]વિરાજે છે.

---

૧ **વાશીમ** એક ઘણું પુરાણું સ્થળ છે. વૈદિકોના **પદ્મપુરાણ** ( અધ્યાય, ૭૯ ) વગેરે ગ્રંથોમાં તેનું **વત્સગુલ્મ** અથવા **વંશગુલ્મ** એવું નામ આવે છે. વિક્રમની ૪ થી ૭ મી શતાબ્દી સુધી જેમનું મોટું સામ્રાજ્ય હતું તે **વાકાટક**વંશના રાજાઓની એક શાખાનું એક વખત **વાશીમ** પાટનગર પણ હતું. ૧૦ મી ૧૧ મી સદીના પ્રસિદ્ધ કવિ **રાજશેખરે કાવ્યમીમાંસા** ( ગાયકવાડ ઓરિએન્ટલ સીરિજ પ્રકાશિત પૃ. ૧૦ ) માં **तत्राऽस्ति विदर्भेषु-वत्सगुल्मं नाम नगरम्** એ પ્રમાણે તથા **કર્પૂરમંજરીમાં अत्थि दक्खिणावहे वच्छोमं णाम नअरं** એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. વૈદિકોના મત પ્રમાણે **वत्स** ઋષિએ ત્યાં મહાદેવ વગેરે દેવોનો **गुल्म** સમૂહ ભેગો કર્યો હતો તેથી **वत्सगुल्म** નામ પડયું છે. સં. ૧૭૨૧ થી ૧૭૩૮ સુધી દક્ષિણના તીર્થોની જેમણે યાત્રા કરી હતી તે શ્રી મુનિ-**શીલવિજયજી**એ **अमीझरो वासिम सुविलास** એ પ્રમાણે જે **વાસિમનો તીર્થમાલામાં** ( પૃ. ૧૧૪ ) ઉલ્લેખ કર્યો છે તે આ જ છે અને તેમણે જે **અમીઝરાપાર્શ્વનાથ**ની દિગંબરોની મૂર્તિનો ઉલ્લેખ કર્યો છે તે પણ **અમીઝરાપાર્શ્વનાથ**ની મૂર્તિ દિગંબરમંદિરમાં અત્યારે વિદ્યમાન છે. **વાશીમ** ૨૦/૫ ઉત્તર અક્ષાંશ અને ૭૦/૧૦ પૂર્વરેખાંશ ઉપર આવેલું છે અને તે **અંતરિક્ષજી**થી ( સિરપુરથી ) લગભગ ૧૨ માઇલ જેટલું **દૂર પૂર્વ**દિશામાં છે.

૨ જો કે પ્રતિમાજી હમણાં જમણા ઢોંચણના અગ્રભાગની નીચે તેમ જ પીઠની ડાબી બાજુના છેડા નીચે એમ બે સ્થળે જરાક બિંદુ જેટલાં નીચે અડી ગયાં છે. લોકોનું એમ માનવું છે કે 'પ્રતિમાજીની પલાંઠીમાં છૂટું નાણું ધરવાનો લોકોમાં રિવાજ છે. આમાંનો કોઈક દૂરથી ફેંકેલો પૈસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાલાપુર(વરાડ)નિવાસી સ્વર્ગસ્થ શેઠ શુકલાલભાઇ હવસીલાલભાઇના
પુણ્યસ્મરણ નિમિત્તે તેમનાં ધર્મપત્ની શેઠાણી ધનાબેન તરફથી
શ્રી સંઘને દર્શનાર્થે ભેટ



દેવાધિદેવ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાન
મુ. સિરપુર (વરાડ)
(પ્રભુની પ્રતિમાજીની ઊંચાઈ ૩૬ ઈંચ)

પ્રકાશક: શ્રી જૈન આત્માનંદ સભા · ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાજીની નીચેથી બરાબર અંગલુંછણું પસાર થાય છે. તેમજ પ્રતિમાજીની પલાંઠી પાસે બંને પડખે દીવા મૂકીને પણ મૂર્તિની નીચે તેમ જ પાછળ. સર્વત્ર પથરાઇ જતો પ્રકાશ જોઇ શકાય છે.

એક નાનું સરખું પાંદડું પણ આકાશમાં અદ્ધર નથી રહી શકતું, છતાં આટલાં મોટાં અને વજનદાર પ્રતિમાજી સેંકડો વર્ષોથી કોઇ પણ આધાર વિના અદ્ધર બિરાજે છે એ એક મહાન અતિશય જ છે. અંધકારમય કલિયુગમાં પણ અપાર તેજથી ઝગમગતી ખરેખર આ તેજસ્વી જ્યોત છે. શ્રી**પાર્શ્વનાથ**ભગવાનનો મહિમા અને પ્રગટ પ્રભાવ સુપ્રસિદ્ધ છે જ, છતાં સર્વ માણસો પ્રત્યક્ષ જોઇ શકે એવો પ્રભાવ તો અહીંઆ જ દષ્ટિગોચર થાય છે. આ પ્રતિમાનાં દર્શન કરીને આસ્તિકના આનંદ અને વિસ્મયનો તો પાર રહેતો નથી જ, પરંતુ નાસ્તિકની બુદ્ધિ પણ અહીંઆ તો આવીને નમી જાય છે, અને તેને આસ્તિક બનાવી દે તેવો આ ચમત્કાર છે. માત્ર જૈનો જ નહીં, પણ **શિરપુરમાં** તેમજ આજુબાજુના ગામોમાં વસતા જૈનેતરો પણ આ મૂર્તિ ઉપર અપાર શ્રદ્ધા ધરાવે છે, અને દર્શનાર્થે તથા વંદનાર્થે આવે છે.

આવા પ્રભાવશાલી આ તીર્થની યાત્રા કરવા માટે સેંકડો વર્ષોથી ભારતવર્ષના ખૂણે-ખૂણેથી લાખોની સંખ્યામાં આજસુધી યાત્રાળુઓ આવ્યા છે, અને અત્યારે પણ યાત્રાળુઓનો પ્રવાહ સતત ચાલુ રહ્યા જ કરે છે. જિનાલયના કંપાઉંડમાં તેમ જ કંપાઉંડ બહાર મોટી ધર્મશાળા છે. યાત્રાળુઓને માટે ભોજનશાળા પણ અત્યારે ચાલુ થયેલી છે. **શિરપુર** જવા માટે જી. આઇ. પી. રેલ્વેના **આકોલા** સ્ટેશને ઉતરવું પડે છે. **આકોલામાં** તાજનાપેઠમાં આપણું જિનાલય, ઉપાશ્રય તેમજ ધર્મશાળા છે. અહીંથી **શિરપુર** ૪૪ માઇલ દૂર છે. આકોલાથી ઠેઠ **શિરપુર** સુધીના [૧]અત્યારે મોટર સડક બંધાયેલી છે અને મોટર વ્યવહાર હમેશાં ચાલ્યા જ કરે છે. આવતા વર્ષથી પોષદશમ (માગશર વદ, ૧૦) ના શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મકલ્યાણકને દિવસે દરવર્ષે **અંતરિક્ષજી** તીર્થમાં સર્વ સંઘને આમંત્રણ આપીને મોટો મેળો ભરવાનું પણ હમણાં **અંતરિક્ષજીની કાર્યવાહક કમીટીમાં** નક્કી થયું છે

---

ભરાઇ ગયો હોવાનો સંભવ છે. કલિયુગના પ્રભાવથી પણ કદાચ આમ બન્યું હોય, ગમે તેમ હો છતાં એટલી વાત ચોક્કસ છે કે પ્રતિમાજી એટલા માત્ર બિંદુ જેટલી જગ્યામાં થઇ ગયેલા ભૂમિસ્પર્શથી અદ્ધર ટકી શકે એવી સ્થિતિ છે જ નહીં. દૈવીપ્રભાવ જ એમાં કારણભૂત છે, એ વાતમાં લેશમાત્ર શંકાને સ્થાન જ નથી.

૧ પહેલાં **આકોલાથી** દક્ષિણમાં ૩૮ માઇલ દૂર આવેલા **માલેગામ** સુધી જ મોટર સડક હતી. યાત્રાળુઓ **માલેગામ** સુધી જ મોટરમાં જતા હતા. **માલેગામમાં** આપણી ધર્મશાળા છે. ત્યાં ઉતરીને પછી **બેલગાડી**માં બેસી ૬ માઇલ દૂર **શિરપુર** સુધી ગાડા રસ્તે યાત્રાળુઓને જવું પડતું હતું, પરંતુ હમણાં માલેગામથી શિરપુર સુધીની મોટરસડક પણ આ વર્ષે બંધાઇ ગઇ છે. અને માલેગામ તથા શિરપુર વચ્ચે મોટરવ્યવહાર શરૂ થઇ ગયો છે તેથી એ અગવડ પણ દૂર થઇ ગઇ છે. અને યાત્રાળુઓને ઘણી અનુકૂલતા થઇ ગઇ છે. **આકોલા** ૨૦/૪૨ ઉત્તર અક્ષાંશ અને ૭૭/૨ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## विदर्भदेश

જે દેશમાં આ તીર્થ આવેલું છે તે દેશ આજકાલ **વરાડ**ના નામથી પ્રસિદ્ધ છે, પરંતુ તેનું પ્રાચીન નામ **વિદર્ભ** છે. **सुलसा चंदनबाला मनोरमा मयणरेहा दमयंती** આ **ભરહેસર**ની પંકિતથી આપણે જેનું નિત્ય પ્રાતઃકાલમાં સ્મરણ કરીએ છીએ તે **નલ**રાજાની પત્ની મહાસતી **દમયંતી**નો જન્મ પણ આ **વિદર્ભ** દેશની રાજધાની કુંડિનપુરમાં થયો હતો. વિદર્ભ દેશના રાજાની પુત્રી હોવાને લીધે દમયંતી **વૈદર્ભી**ના નામથી પણ ઓળખાય છે. અત્યારે પણ આ **કુંડિનપુર** વિદ્યમાન છે, અને તે [1]**અમરાવતી** જિલ્લાના ચાંદૂર તાલુકામાં **અમરાવતી** શહેરથી લગભગ ૨૮ માઇલ દૂર પૂર્વ દિશામાં **વર્ધા** નદીના બરાબર પશ્ચિમ કિનારે ૨૦/૫૮ ઉત્તર અક્ષાંશ અને ૭૮/૯ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે.

**पउमावई अ गोरी गंधारी लक्खमणा सुसीमा य ।**
**जंबूवई सच्चभामा रूप्पिणी कण्हट्ठ महिसीओ ॥**

આ **भरहेसर**ની ગાથામાં જેમનો ઉલ્લેખ છે, અને જે અંતે શ્રી **નેમિનાથ** ભગવાન પાસે દીક્ષા લઇને મોક્ષમાં ગયાં છે તે મહાસતી **રૂકમણી**નો જન્મ પણ આ **વિદર્ભ** દેશના તે કાળના પાટનગર **કુંડિનપુર**માં જ **ભીષ્મક** રાજાને ત્યાં થયો હતો. અત્યારે જો કે **કુંડિનપુર** બહુ નાનું ગામડું જ રહ્યું છે, છતાં પણ વૈદિકો ( હિંદુઓ ) એને મોટું તીર્થધામ માને છે. નદીના કાંઠા ઉપર જ બરાબર **કૃષ્ણ** ( વિઠ્ઠલ )–**રૂકિમણી**નું એક મંદિર છે અને ત્યાં કાર્તિકી પૂર્ણિમા ઉપર પ્રતિવર્ષ ઘણી મોટી યાત્રા ( મેળો ) ભરાય છે. **કુંડિનપુર**ને લોકો **કૌંડન્યપુર**[2] પણ કહે છે.

## श्री अन्तरिक्षपार्श्वनाथजी तीर्थनो इतिहास.

આવા આ પ્રાચીન **વિદર્ભ** દેશની ભૂમિને પવિત્ર કરી રહેલા આપણા તીર્થની સ્થાપના ક્યારે કોના હાથે અને શી રીતે થઇ વગેરે જાણવું આવશ્યક અને ખાસ રસદાયક છે. આ તીર્થની યાત્રા કરવા માટે પૂર્વે અનેક આચાર્યાદિ મુનિવરો આવી ગયા છે. વાચકપ્રવર

૧ આનું સાચું નામ **अमरावती** નહીં, પણ **उमरावती** છે. **उमरावती**નો અર્થ ' **ઉંબરા** ( **उदुम्ब** ના ઝાડવાળી ' ) એવો થાય છે. **उदुम्बरवती**નું **उंबरवती** અને તેનું પછી **उमरावती** થયું છે. અત્યારે પણ ત્યાં ઉંબરાનાં ઘણાં ઝાડો જોવામાં આવે છે. **વરાડ**ના લોકોમાં પણ **उमरावती** લખવા–બોલવાનો જ અત્યારે પણ ઘણો રિવાજ છે. અંગ્રેજોએ Amaraoti સ્પેલીંગ કર્યો ત્યારથી હમણાં **अमरावती** શબ્દ પ્રચારમાં આવ્યો છે. બાકી વાસ્તવિક નામ **उमरावती** જ છે. **अमरावती** નામનું જે સ્થળ પ્રાચીન સાહિત્યમાં આવે છે તે **બેઝવાડા** પાસે કોઇક સ્થળે છે. **उमरावती** ૨૦/૫૬ ઉત્તર અક્ષાંશ અને ૭૭/૪૮ પૂર્વ રેખાંશ ઉપર છે **अमरावती** અને **उमरावती** વસ્તુતઃ જુદાં છે.

૨ **कुंडिनपुर** સંબંધમાં વિસ્તારથી જાણવા માટે **कुंडिनपुर** એ નામનો **श्री जैन सत्यप्रकाश** માસિકનો ૧૫–૪–૫૦ નો અંક જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજ પણ અહીં આવી ગયા છે અને તેમણે **અંતરિક્ષજી**ના બે સ્તવનો બનાવ્યા છે. યાત્રાર્થે આવેલા મુનિરાજો પૈકી કેટલાક આ તીર્થના સંબંધમાં સંક્ષિપ્ત અથવા વિસ્તૃત નોંધ પણ લખતા ગયા છે કે જેમાંથી આપણને આ તીર્થને લગતી ઐતિહાસિક માહિતી મળી શકે છે. આપણે પણ આ તીર્થનો ઇતિહાસ જાણવા માટે એ જ પ્રાચીન ઉલ્લેખો અને પ્રમાણો તરફ વળવું જોઇએ.

શ્રી **અંતરિક્ષજી**ના સંબંધમાં તપાસ કરતાં પ્રાચીન ઉલ્લેખો ઘણા મળી આવે છે. જો કે તેમાંનાં ઘણાખરામાં **અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનના નામનો જ ઉલ્લેખ છે, છતાં પાંચ-સાત એવા પણ ઉલ્લેખો છે કે જેમાં **શ્રી અંતરિક્ષજી** તીર્થનો ઇતિહાસ પણ આપેલો છે. આ ઉલ્લેખો કેટલીક વાતોમાં પરસ્પર મળતા છે, જ્યારે કેટલીક વાતોમાં પરસ્પર ભેદ પણ પડે છે. ઉલ્લેખો વાંચવાથી અને સરખાવવાથી ભેદ આપોઆપ સમજાઇ જશે.

આ ઉલ્લેખો **સંસ્કૃત, પ્રાકૃત** તથા **ગુજરાતી** એમ ત્રણે ભાષામાં અને તે લેખના છેવટના ભાગમાં યથાલભ્ય યથાશક્ય અક્ષરશઃ આપવામાં આવશે તે પહેલાં તેનો ભાવાર્થ ગુજરાતીમાં નીચે મુજબ આપવામાં આવે છે. કાળક્રમને મુખ્ય રાખીને આપણે એ ઉલ્લેખોમાં આવતા ઇતિહાસને અનુક્રમે જોઇએ.

## શ્રી જિનપ્રભસૂરિજીએ આપેલો ઇતિહાસ.

ખરતરગચ્છના **શ્રી જિનપ્રભસૂરિ** કે જેમનો **દિલ્હી**ના બાદશાહ **મહમ્મદતઘલક** ઉપર ઘણો પ્રભાવ પડતો હતો. તેમણે ભારતવર્ષના ચારે ખૂણાના અનેક તીર્થોની માહિતી આપતા લગભગ ૫૮, જેટલા **કલ્પો**ની રચના કરી હતી. આ કલ્પો **विविधतीर्थकल्प** નામના (**સિંધી જૈન** ગ્રંથમાલા પ્રકાશિત) ગ્રંથમાં છપાયેલા છે. આમાં **અંતરિક્ષજી**ના સંબંધમાં એક **श्रीपुरअन्तरिक्ष पार्श्वनाथकल्प** પણ છે કે જેની રચના વિક્રમ સં૦ **૧૩૮૭** આસપાસ થઈ હશે એમ લાગે છે. શ્રી જિનપ્રભસૂરિ ગ્રામાનુગ્રામ ચૈત્યપરિપાટી કરતા દક્ષિણદેશમાં મહારાષ્ટ્રમાં પધાર્યા હતા અને **દેવગિરિ** ( વર્તમાન **દોલતાબાદ** ) તથા **પ્રતિષ્ઠાનપુર**-( વર્તમાન **પૈઠણ** )ની યાત્રા કરી હતી. પ્રાયઃ તે અરસામાં જ તેમણે આ તીર્થની યાત્રા કરીને **श्रीपुरअन्तरिक्ष पार्श्वनाथकल्प**ની રચના કરી હતી. અંતરિક્ષજીના સંબંધમાં આપણે ત્યાં મળતાં ઉલ્લેખોમાં સૌથી પ્રાચીન ઉલ્લેખ હોય તો હજુ સુધી આ **જિનપ્રભસૂરિજી**-વાળો જ ઉલ્લેખ છે. આ **કલ્પ**માં ( પૃ. ૧૦૨ ) શ્રી **જિનપ્રભસૂરિજી** નીચે પ્રમાણે જણાવે છે કે—

" **શ્રીપુર**નગરના આભૂષણસમાન પ્રગટપ્રભાવી શ્રી **પાર્શ્વનાથ** ભગવાનને પ્રણામ કરીને અંતરિક્ષમાં ( આકાશમાં અદ્ધર ) રહેલી તેમની પ્રતિમાના કલ્પને કંઈક કહું છું—

પૂર્વે **લંકા** નગરીના રાજા પ્રતિવાસુદેવ **રાવણે માલિ** અને **સુમાલિ** નામના પોતાના સેવકોને કોઈક કારણસર કોઇક સ્થળે મોકલ્યા હતા. વિમાનમાં બેસીને આકાશમાર્ગે જતાં

For Private And Personal Use Only

તેમને વચમાં જ ભોજનનો અવસર થયો. વિમાનમાં સાથે બેઠેલા ફૂલમાળી નોકરને ચિંતા થઇ કે—'આજે ઉતાવળમાં હું જિનપ્રતિમાના કરંડિયાને ઘેર જ ભૂલી ગયો છું. અને આ બંને પુણ્યવાનો જિનપૂજા કર્યા સિવાય કયાંયે પણ ભોજન કરતા નથી. જ્યારે તેઓ પૂજાના અવસરે પ્રતિમાનો કરંડિયો નહીં જુએ ત્યારે નક્કી મારા ઉપર કોપાયમાન થશે' આ ચિંતાથી તેણે વિદ્યાબળથી પવિત્ર વાલુકા (વાળુ-રેતી)ની ભાવીજિનેશ્વર **શ્રી પાર્શ્વનાથ ભગવાન**ની એક નવી પ્રતિમા બનાવી. **માલિ અને સુમાલિ**એ પણ તે પ્રતિમાની પૂજા કરીને ભોજન કર્યું. પછી જ્યારે તેઓ ફરીથી આકાશમાર્ગે ચાલવા લાગ્યા તે વખતે ફૂલમાલી નોકરે તે પ્રતિમાને નજીકમાં રહેલા કોઇ સરોવરમાં પધરાવી. પ્રતિમા પણ દૈવી પ્રભાવથી સરોવરમાં અખંડિત જ રહી કાલક્રમે તે સરોવરનું પાણી ઘટી ગયું અને તે નાના ખાબોચિયા જેવું દેખાતું હતું.

આ બાજુ કાલાંતરે [1]**વિંગઉલ્લી**(વિંગોલી-હિંગોલી) દેશમાં **વિંગઉલ્લ** નામનું નગર છે. ત્યાં **શ્રીપાલ** નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા સર્વાંગે કોઢના વ્યાધિથી પીડાતો હતો. એક વખત શિકારને માટે તે બહાર ગયો હતો, ત્યાં તરસ લાગવાથી શ્રી **અંતરિક્ષજી**-ની પ્રતિમાવાળા તે ખાબોચિયા પાસે અનુક્રમે આવી પહોંચ્યો. ત્યાં પાણી પીધું અને હાથ મોં ધોયા તેથી રાજાના હાથ-મોં નીરોગી અને કનક જેવી કાંતિવાળા થઇ ગયા. ત્યાંથી રાજા ઘેર ગયા પછી જોતાં આશ્ચર્ય પામવાથી રાણીએ પૂછયું-કે સ્વામિ! તમે આજે કોઇ સ્થળે સ્નાન વગેરે કર્યું છે? રાજાએ સર્વ હકીકત કહી સંભળાવી. રાણીએ વિચાર કર્યો કે 'નક્કી પાણીમાં જ કોઇ દૈવી પ્રભાવ હોવો જોઈએ.'

---

૧ અહીં જે **विंगउल्ली** દેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વર્તમાન **इंगोली** અથવા **हिंगोली** આસપાસનો પ્રદેશ સમજવાનો છે, અને **विंगउल्ल** નગર શબ્દથી નિઝામ સ્ટેટમાં આવેલું ૧૯/૪૩ ઉત્તર અક્ષાંશ અને ૭૭/૧૧ પૂર્વ રેખાંશ ઉપર રહેલું **हिंगोली** નામનું ગામ જ સમજવાનું છે. **हिंगोली**ના હિંગોલી તેમજ **इंगोली** એમ બંને જાતના ઉચ્ચારો લોકો કરે છે. **विंगउल्ली**ના જ કાળક્રમે ઉચ્ચારો બદલાતા રહ્યા છે. **ભાવવિજયજી** ગણીએ સં. ૧૭૧૫માં રચેલા સ્તોત્રમાં **विंगोलि** નામ જ લખેલું છે. વળી **અંતરિક્ષજી**થી (શિરપુરથી) **હિંગોલી** સીધા રસ્તે લગભગ પાંત્રીશ માઈલ જેટલુંજ દૂર થાય છે, એટલે નજીક હોવાને લીધે રાજા અહીં આવ્યો હોય એ સર્વથા બંધ બેસતું છે.

કેટલાકો **विंगउल्ल** શબ્દથી ૨૦/૨ ઉત્તર અક્ષાંશ અને ૭૫/૧૩ પૂર્વ રેખાંશ ઉપર રહેલા **वेरुल**ને (**इलोरा**)ને કલ્પે છે. અને કહે છે કે **वेरुल**ના કુંડમાંથી આ પ્રતિમાજી **श्रीपाल** રાજાને પ્રાપ્ત થયા હતા, પરંતુ આ કલ્પના નિરાધાર છે. એક તો **विंगउल्ल** અને **वेरुल**ના નામને ઉચ્ચારમાં કશી જ સમાનતા નથી. બીજું **ઈલોરા**ની જગપ્રસિદ્ધ ગુફાઓ જ્યાં આવેલી છે તે **वेरुल** (યાને **इलोरा**) ગામ **અંતરિક્ષજી**થી લગભગ લગભગ સવાસો માઇલ દૂર છે. અમે **वेरुल**(**इलोरा**) જોયું છે. અને ત્યાં લિંગાયતના મઠની સામે આવેલો કુંડ પણ જોયો છે એટલે દૂરથી અહીં રાજા આવ્યો હોય એ સંભવિત જ નથી. એથી **वेरुल**ના કુંડમાંથી પ્રતિમાજી લાવ્યાની જે વાત કરવામાં આવે છે તે જોડી કાઢેલી કલ્પના જ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી બીજે દિવસે રાજાને ત્યાં લઇ જઇને રાણીએ સર્વ અંગે સ્નાન કરાવ્યું. તેથી રાજાનું શરીર નીરોગી અને નવું-સુંદર કાંતિવાળું થઇ ગયું. પછી રાણીએ બલિપૂજા વિગેરે કરીને પ્રાર્થના કરી કે 'અહીં જે કોઇ દેવ હોય તે પ્રગટ થાઓ' ત્યાંથી રાણી ઘેર આવ્યા પછી દેવે સ્વપ્નમાં રાણીને કહ્યું કે—"અહીં **ભાવિ તીર્થંકર શ્રી પાર્શ્વનાથ-ભગવાનની** પ્રતિમા છે, અને તેના પ્રભાવથી જ રાજાનું શરીર નીરોગી થયું છે. આ પ્રતિમાને ગાડામાં મૂકીને અને ગાડાને સાત દિવસના જન્મેલા વાછરડા જોડીને રાજાએ પોતે સારથિ બનીને તેમાં બેસવું, અને પછી કાચા સુતરની બનાવેલી દોરીથી (લગામથી) વાછરડાઓને પોતાના નગર તરફ રાજાએ ચલાવવા (પણ પાછું વાળીને જોવું નહીં, કેમકે) રાજા જ્યાં પાછું વાળીને જોશે ત્યાં જ પ્રતિમા સ્થિર થઇ જશે." બીજે દિવસે રાજાએ ત્યાં જઇને ખાબોચિયામાંથી પ્રતિમા શોધી કાઢી અને દેવે કહ્યા પ્રમાણે ગાડામાં સ્થાપીને પોતાના સ્થાન તરફ ચાલવા લાગ્યો. કેટલેક દૂર ગયા પછી તેના મનમાં શંકા આવી કે-પ્રતિમા આવે છે કે નહીં? એટલે પાછું વાળીને જોયું, તેથી પ્રતિમા ત્યાં જ આકાશમાં સ્થિર થઇ ગઇ અને ગાડું તેની નીચેથી આગળ નીકળી ગયું. પ્રતિમા આગળ ન આવવાથી ખેદ પામેલા રાજાએ પછી ત્યાં જ પોતાના નામને અનુસારે **શ્રીપુર** (**सिरिपुर**) ગામ વસાવ્યું. અને ત્યાં જિનાલય બંધાવીને તેમાં અનેક મહોત્સવપૂર્વક પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. રાજા હમેશાં તેની ત્રિકાળ પૂજા કરતો હતો.

અત્યારે પણ તે પ્રતિમા તે જ પ્રમાણે આકાશમાં અદ્ધર રહેલી છે. પૂર્વે, માથા ઉપર પાણીનું બેડું ચડાવીને પ્રતિમાજીની નીચેથી સ્ત્રી નીકળી જાય એટલી અદ્ધર પ્રતિમા હતી, પરંતુ કાલક્રમે નીચેની ભૂમિ ઊંચે ચડી જવાથી અથવા મિથ્યાત્વ આદિથી દૂષિત કાલના પ્રભાવથી પ્રતિમા નીચે નીચે દેખાવા લાગી. છેવટે અત્યારે તેની નીચેથી માત્ર અંગલુંછણું નીકળી શકે છે, અને (પ્રતિમાની) બંને બાજુએ નીચે દીવા મૂકવાથી પ્રતિમા અને તેની નીચેની ભૂમિ વચ્ચે દીવાનો પ્રકાશ બરાબર દેખાય છે એટલી અદ્ધર છે.

જે વખતે રાજાએ પ્રતિમાને ગાડામાં સ્થાપી હતી તે વખતે **અંબાદેવી** અને **ક્ષેત્રપાલ** પણ પ્રતિમા સાથે હતા. **અંબાદેવીને સિદ્ધ** અને **બુદ્ધ** નામના બે પુત્રો હતા. ઉતાવળ ઉતાવળમાં **અંબાદેવીએ** તેમાંથી એક પુત્ર સાથે લીધો, પણ એક પુત્ર પાછળ ભૂલથી રહી ગયો. **અંબાદેવીએ ક્ષેત્રપાળને** હુકમ કર્યો કે 'પાછળ રહી ગયેલા પુત્રને લઇ આવ.' પરંતુ અતિવ્યાકુળપણે ચાલતો **ક્ષેત્રપાળ** પણ પાછળ રહી ગયેલા પુત્રને ન લાવ્યો, તેથી **અંબાદેવીએ** કોપાયમાન થઇને **ક્ષેત્રપાળના** માથામાં ટુંબો માર્યો. અત્યારે પણ ક્ષેત્રપાળની મૂર્તિના માથામાં તે પ્રમાણે જ જોવામાં આવે [1] છે. આ પ્રમાણે **અંબાદેવી** અને **ક્ષેત્રપાલ**

૧ શ્રી જિનપ્રભસૂરિએ આ જે અંબાદેવી અને ક્ષેત્રપાળની દૈવી વાત આપી છે તે બીજા કોઇ પણ મુનિવરે લખેલા અંતરિક્ષજીના પ્રાચીન ઇતિહાસમાં નથી. આ દૈવી વાત કંઇ સમજવામાં આવતી નથી.

અત્યારે અંબાદેવી તથા ક્ષેત્રપાળની મૂર્તિ છે કે કેમ તે વિષે મેં બારીકાઇથી તપાસ કરી નથી. શ્રી ભાવવિજયજી ગણીએ સં. ૧૭૧૫ માં પ્રતિમાજીનું નવું સ્થાન બનાવીને ફરીથી પ્રતિષ્ઠા કરી છે. આ વખતે કદાચ અધિષ્ઠાયક દેવદેવીઓની મૂર્તિમાં ફેરફાર થયો હોય તો બનવાજોગ છે. પ્રતિમાજીનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેની સેવા કરી રહ્યા છે અને ધરણેંદ્ર તથા પદ્માવતી જેની ઉપાસના કરે છે, એવી શ્રી અંતરિક્ષપાર્શ્વનાથભગવાનની પ્રતિમા ભવ્યલોકોથી અત્યારે પૂજાય છે, તેમજ યાત્રાળુ લોકો [1]યાત્રામહોત્સવ કરે છે. આ પ્રતિમાના ન્હવણનું પાણી આરતિ ઉપર છાંટવામાં આવે તો પણ આરતિ બુઝાતી નથી, તેમજ પ્રતિમાના ન્હવણનું પાણી લગાવવાથી દાદર, ખસ તથા કોઢ વગેરે રોગો નાશ પામે છે ( એવો અત્યારે પ્રભાવ છે. )

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનના સંબંધમાં જે કંઈ સાંભળવામાં આવ્યું તે પ્રમાણે **શ્રી જિનપ્રભસૂરિએ** સ્વ–પરના ઉપકારને માટે શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ**ભગવાનના કલ્પમાં લખ્યું છે.

## श्री अंतरिक्षपार्श्वनाथकल्प समाप्त.

આ પ્રમાણે શ્રી **જિનપ્રભ**સૂરિજીએ આપેલા ઉપરના વૃત્તાંતમાંથી નીચેની મુખ્ય વાતો તરી આવે છે.

**રાવણ**ના સેવક **માલી** અને **સુમાલી** કોઇ કાર્યાર્થે વિમાનમાં બેસીને જતા હતા તે વખતે વચમાં ભોજનનો અવસર થવાથી નીચે ઉતર્યા, પણ પ્રતિમા સાથે લાવવી ભૂલાઇ ગઇ હતી અને પ્રતિમાપૂજા સિવાય ભોજન ન કરવાની તેમની પ્રતિજ્ઞા હતી તેથી તેમના ફૂલમાળી નોકરે વિદ્યાબલથી વાળુ( રેતી )ની શ્રી **પાર્શ્વનાથ**ભગવાનની મૂર્તિ બનાવી હતી અને જતી વખતે નજીકના સરોવરમાં પધરાવી દીધી હતી. પાણીમાં પધરાવવાથી સ્વાભાવિક રીતે જ મૂર્તિ નાશ પામી જાય, પરંતુ, દેવપ્રભાવથી અખંડ જ રહી. કાલક્રમે આ સરોવર નાનું ખાબોચિયું બની ગયું.

**વિંગઉલ્લી** ( વિંગોલિ–**હિંગોલિ** ) પ્રદેશના **વિંગઉલ્લ** ( **હિંગોલિ** ) નગરના રાજા **શ્રીપાલને** સર્વાંગે કોઢનો રોગ થયો હતો. તે રોગ આ પ્રતિમાના સ્પર્શથી પવિત્ર થયેલા ખાબોચિયાના પાણીથી સ્નાન કરવાથી સર્વથા મૂલથી નાશ પામ્યો હતો. રાત્રે રાજાની રાણીને સ્વપ્નમાં દેવે આવીને કહ્યું કે—" આ પાણીની અંદર **ભવિષ્યમાં થનારા શ્રી-પાર્શ્વનાથ**ભગવાનની પ્રતિમા છે, તેને ગાડીમાં સ્થાપીને સાત દિવસના જન્મેલા વાછરડા જોડીને, રાજાએ ગાડીમાં આગળ બેસીને કાચા સુતરના તાંતણાથી બનાવેલી દોરીની લગામથી વાછરડા હાંકીને પોતાના સ્થાન તરફ ગાડીને લઇને જવી, પણ પાછું વાળીને ન જોવું. રાજાએ તે પ્રમાણે બધું કર્યું, પણ કેટલેક દૂર ગયા પછી મૂર્તિ આવે છે કે નહીં એવી શંકાથી પાછું વાળીને જોવાથી મૂર્તિ ત્યાં જ ઊંચે સ્થિર થઇ ગઇ. મૂર્તિ આગળ ન આવવાથી રાજાએ પોતાના નામ ઉપરથી ત્યાં જ **સિરિપુર ( શ્રીપુર )** ગામ વસાવ્યું અને ત્યાં જ ચૈત્ય

પ્રાચીન સ્થાન કે જે એક આ ભોંયરામાં આવેલું પેટા ભોંયરૂં જ છે તેમાં એક યક્ષની મૂર્તિ છે. આને લોકો માણિભદ્રની મૂર્તિ કહે છે પરંતુ આ યક્ષની મૂર્તિ ઉપર એટલું બધું સિંદૂર ચડેલું છે કે મૂર્તિના મસ્તકમાં ટુંબો માર્યાનો દેખાવ છે કે કેમ તે કહી શકાતું નથી.

૧ **યાત્રા** શબ્દનો ગુજરાતીમાં ' મેળો ' એવો અર્થ થાય છે. મરાઠી ભાષામાં ધાર્મિક મેળાને **યાત્રા** જ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

( લેખક–આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી )

( ગતાંક પૃષ્ઠ ૫૪ થી ચાલુ )

૨૪

જગતના જીવો સુખ, શાંતિ તથા આનંદ માટે નિરંતર તીવ્ર રુચિપૂર્વક પ્રયાસ કરી રહ્યા છે. અને માનવ જીવન ઘણી જ ઉદારતાથી વાપરી રહ્યા છે છતાં જીવન વપરાઇને પૂરું થઇ જતાં સુધી કોઈપણ સંપૂર્ણ સુખ, શાંતિ તથા આનંદ મેળવી શકયું નથી; કારણ કે તેઓ બધાય સુખ, શાંતિથી અણજાણ છે. પાંચે ઇંદ્રિયોના વિષયો કે જે જડ વસ્તુના ધર્મો છે તેની અનુકૂળ પ્રાપ્તિથી અજ્ઞાની જગત સુખ, શાંતિ તથા આનંદ માને છે. અને તે જ રૂપ, રસ આદિ જડના ધર્મોની પ્રતિકૂળ પ્રાપ્તિથી દુઃખ, અશાંતિ માને છે. આવાં સુખ, દુઃખ, અશાંતિ તથા શાંતિ, પૂણ્ય તથા પાપ કર્મના ઉદયથી થાય છે માટે તે ઔદયિક ભાવનું પરિણામ છે. આત્માને કર્મના ઉદયથી પ્રાપ્ત થનારી વસ્તુઓ અતાત્વિક (ઔપચારિક) હોય છે, અર્થાત્ શુભાશુભ કર્મના ઉદયથી મળનારી વસ્તુઓ પુદ્ગલ પરિણામ હોય છે, માટે તે આત્મિક દૃષ્ટિથી અતાત્વિક છે અને એટલા માટે જ ઔદયિક ભાવના સુખ-દુઃખ, શાંતિ અશાંતિ, અતાત્ત્વિક–ખોટા છે. શાતાવેદનીયના ઉદયથી શારીરિક સુખ અને અનુકૂળ વિષયોની પ્રાપ્તિથી માનસિક શાંતિ અણજાણ જીવો અનુભવે છે અને સંતોષ માને છે, પણ આત્મિક સુખ જેવી વસ્તુ કે જે નિરૂપચરિત અને તાત્ત્વિક છે તે તેમના સંકલ્પમાંયે હોતી નથી. મન તથા શરીર બન્ને જડ વસ્તુઓ છે તેમાં જે સુખ–શાંતિનો અનુભવ થાય છે તે કર્મસ્વરૂપ જડનો વિકાર હોવાથી જડ પરિણામ છે અને એટલા માટે જ તે ઔદયિકભાવ સ્વરૂપ છે. અને જે સુખ–શાંતિનો આત્મામાં અનુભવ થાય છે તે ક્ષાયોપશમિક તથા ઔપશમિક ભાવ હોવાથી તાત્વિક છે. સાકરને મીઠી બનવાને માટે મીઠાની જરૂરત પડતી નથી; કારણ કે સાકર પોતે જ મીઠી છે. તેની સાથે જો મીઠું ભળે તો સાકરનો સ્વાદ જ બદલાઇ જાય છે, તેથી મીઠાશ વિચિત્ર સ્વાદ-

---

બંધાવીને તેમાં પ્રતિમા પ્રતિષ્ઠત કરી. શ્રી **જિનપ્રભ**સૂરિના આ લખાણથી એમ ફલિત થાય છે કે **શ્રીપાળ**રાજા સબંધી આ આખોય પ્રસંગ શ્રી**પાર્શ્વનાથ**ભગવાન થયા તે પહેલાં જ બની ગયેલો છે.

શ્રી **જિનપ્રભસૂરિજી** લખે છે કે " પહેલાં નીચેથી પાણિયારી સ્રી નીકળી જાય એટલી અદ્ધર પ્રતિમા હતી, પણ કલિયુગના પ્રભાવથી અત્યારે અંગલુંછણું જ નીચેથી નીકળે તેટલી અદ્ધર છે " આથી એમ લાગે છે કે **જિનપ્રભ**સૂરિના વખતમાં એટલે કે આજથી લગભગ સવા છસો ( ૬૨૫ ) વર્ષ પહેલાં પણ આપણે અત્યારે ( ૨૧ મી સદીમાં ) જેટલી અદ્ધર પ્રતિમા જોઈએ છીએ તેટલી જ અદ્ધર હતી. અત્યારે પણ અંગલુંછણું નીચેથી નીકળે તેટલી અદ્ધર છે જ.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળી :થાય છે માટે જો ખારા મીઠાથી સાકર ગળી અને તો જ પાંચે ઇંદ્રિયોના વિષયથી આત્મા સુખ મેળવી શકે.

જડાત્મક વસ્તુઓના સંયોગથી જ જો આત્માને સુખ મળી શકતું હોય તો કર્મથી છૂટા થઇને મુક્તિ મેળવવાની જરૂરત રહે નહિ અને જે મુક્તાત્માઓ છે તે બધાય પરમ દુઃખી જ હોવા જોઇએ. સારાં પુદ્ગલો મેળવવાને શુભ કર્મના ઉદયની જરૂરત રહે છે. અને તેથી આત્માને શુભ કર્મના પુદ્ગલોનો સંગ્રહ કરવાની જરૂર રહે છે અને તે શુભ કર્મના પુદ્ગલો શુભ કર્મના ઉદયથી કરવામાં આવતી પ્રવૃત્તિથી મેળવી શકાય છે, માટે જ તે સુખ કાલ્પનિક છે. વાસ્તવિક સુખ માટે કર્મનો વિયોગ( નિર્જરા )ની જરૂરત છે. ત્યાં શુભ કર્મના સંયોગની જરૂરત નથી. જડસ્વરૂપ સુખ જોઇતું ન હોય તેને જડ વસ્તુની (કર્મની) સહાયતાની જરૂરત હોતી નથી. તેને તો શુભાશુભના ઉદયથી થવાવાળા પૌદ્ગલિક વસ્તુઓના સંયોગ વિયોગ તરફ ઉદાસીનતા ધારણ કરવાની જરૂરત છે. પણ હર્ષ શોક કરવાની કે આનંદ તથા ઉદ્વેગ કરવાની જરૂરત નથી. તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે સુખ તથા શુદ્ધ બન્ને એક જ ભાવને ધારણ કરવાવાળા શબ્દ છે અને તે જીવ તથા અજીવ બન્ને પ્રકારના દ્રવ્યોમાં ઘટી શકે છે. આનો ભાવાર્થ આવી રીતે સમજાય છે કે—

છએ દ્રવ્ય( ધર્માસ્તિકાયાદિ )નું પોતાના સ્વભાવમાં-સ્વરૂપમાં વર્તવું તેને સુખ અથવા તો શુદ્ધ કહેવામાં આવે છે. જે શુદ્ધ છે તે સુખસ્વરૂપ છે. અર્થાત્ દ્રવ્યોનું ઉપાધિથી મુકાઇને પોતાના સ્વરૂપમાં વર્તવું તે દ્રવ્ય શુદ્ધ કહેવાય છે. અને જે શુદ્ધ સ્વરૂપ છે તે જ સુખ છે, પરંતુ અજીવ દ્રવ્યમાં સુખ કહેવામાં આવતું નથી પણ શુદ્ધ કહેવામાં આવે છે. તે ચૈતન્યના અભાવને લઇને જ છે. જીવ દ્રવ્યમાં શુદ્ધાવસ્થામાં સુખ કહેવાય છે તે ઉપયોગની અપેક્ષાને લઇને જ છે. ઉપયોગ-સ્વરૂપ જીવમાં શુદ્ધિની સાથે સુખનો પ્રયોગ કરવામાં આવે છે અને અજીવની શુદ્ધિની સાથે સુખનો પ્રયોગ કરાતો નથી. સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરીએ તો આત્માનો કર્મથી સર્વથા વિયોગ થાય છે ત્યારે તેના સ્વભાવ સ્વરૂપ-જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થાય છે. અર્થાત્ કેવળજ્ઞાન સ્વરૂપ પ્રગટે છે અને તે આત્માનો અસાધારણ ધર્મ છે, પણ કેવળજ્ઞાન કે જે આત્માનો સ્વભાવ છે તેને છોડીને સુખ જેવી બીજી કઇ વસ્તુ છે કે જે આત્મશુદ્ધિ સ્વરૂપ કેવળજ્ઞાનથી ભિન્ન તાત્ત્વિક કહી શકાય માટે જે આત્માની શુદ્ધ અવસ્થા કેવળજ્ઞાન છે તેને સુખસ્વરૂપે ઓળખવામાં આવે છે, તે સકર્મક અવસ્થામાં કર્મ ને લઇને આત્મા જે સુખ દુઃખનો ભોક્તા કહેવાતો હતો તેની અપેક્ષાથી આત્માને સ્વરૂપાવસ્થામાં સુખસ્વરૂપ કહેવાય છે. અજીવ પદાર્થોમાં અન્ય દ્રવ્યની સંયોગાવસ્થામાં સુખ દુઃખ જેવું કશું ય હોતું નથી. એટલે તેમની શુદ્ધાવસ્થામાં સુખનો આરોપ કરવામાં આવતો નથી, પણ માત્ર શુદ્ધ અથવા તો સુખ એટલે પ્રકૃતિ અને અશુદ્ધ અથવા તો સુખ તથા દુઃખ વિકૃતિને કહેવામાં આવે છે.

૨૫

દુનિયામાં માનવી માત્રને સુખની ઇચ્છા ઘણી જ હોય છે અને એટલા માટે તેઓ ચોવીશે કલાક સુખ મેળવવાના ઉપાયોની ચિંતામાં મગ્ન રહે છે, પણ શાંતિ મેળવવાનો વિચાર સરખોય કરતા નથી. સુખ મેળવવામાં જો અશાંતિનો આદર કરવો પડતો હોય તો તે ખુશીથી સ્વીકારે છે, પણ તેમને એટલી પણ સમજણ હોતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી કે અશાંતિગર્ભિત સુખ નથી પણ દુઃખ છે. જે સુખ મેળવવામાં અશાંતિનો આશ્રય લેવો પડતો હોય તો તે સુખ હોઇ શકતું જ નથી. અને એટલા માટે જ વીતરાગી મહાપુરુષો કહેતા આવ્યા છે કે–અજ્ઞાની જીવો સંસારમાં દુઃખોને ભ્રાંતિથી સુખ માની રહ્યા છે. પુદ્ગલાનંદી અજ્ઞાની જીવ જેને સુખ માને છે તે સુખ નથી પણ દુ:ખ જ છે, કારણ કે તે અશાંતિના પરિણામરૂપ છે. જેનું કારણ અશાંતિ હોય તેનું કાર્ય સુખ કયાંથી હોય? મોહનીય કર્મના ઔદયિક ભાવે થવાવાળા વિકારને અશાંતિ કહેવામાં આવે છે. અને મોહનીયના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમને શાંતિ કહેવામાં આવે છે. કષાય તથા વિષયથી થતી આત્મામાં વિકૃતિસ્વરૂપ મુંઝવણ તે અશાંતિ અને કષાય–વિષયના ઉપશમ આદિ ભાવો તે શાંતિ છે. જ્યાં શાંતિ છે ત્યાં જ સુખ છે અને જ્યાં સુખ છે ત્યાં જ શાંતિ છે અને ત્યાં જ આત્મકલ્યાણ તથા આત્મવિકાસ રહેલાં છે અને તે સિવાય તો જગત અજ્ઞાનના અંધારામાં આથડે છે.

સુખ ભોગવનારને સુખ ભોગવવામાં કોઇ પણ પ્રકારના સાધનની જરૂરત પડતી નથી, કારણ કે સુખ ગુણ છે અને તે જેમાં–દ્રવ્યમાં–રહેલો છે તે દ્રવ્ય નિરંતર પોતાનો ગુણ ભોગવવામાં ભિન્ન ધર્મવાળા દ્રવ્યની અપેક્ષા રાખતું નથી અર્થાત્ સુખ આત્માનો ગુણ છે અને તે આત્મા પોતાનો સુખસ્વરૂપ ગુણ નિરંતર ભોગવી જ રહ્યો છે, તે ભોગવવામાં તે આત્માને પુદ્ગલાસ્તિકાયસ્વરૂપ ભિન્ન ધર્મવાળા જડ દ્રવ્યની જરાયે જરૂરત હોતી નથી. જડ દ્રવ્ય તો આત્માને પોતાનું સુખ ભોગવવામાં અંતરાય કરવાવાળું છે. જડનો સંસર્ગ થવાથી આત્માનું સુખ મલિન થાય છે અને તેથી તે મલિન સુખમાં દુઃખનો આરોપ કરવામાં આવે છે. મેલું સુખ તે દુ:ખ કે જેને અજ્ઞાની આત્મા સુખ માને છે. આવા પ્રકારનાં સુખ તથા દુ:ખ અતાત્વિક છે જ્યારે આત્મગુણસ્વરૂપ સુખ કર્મસ્વરૂપ જડના સંસર્ગથી રહિત થઇને સ્વચ્છ થાય છે ત્યારે તાત્ત્વિક સ્વરૂપ સુખ પ્રગટ થાય છે અને તેને જ આત્મશુદ્ધિ કહેવામાં આવે છે કે જેને વિકાસી પુરુષો કેવળજ્ઞાનના સ્વરૂપમાં વર્ણવે છે. જગતનાં અજ્ઞાની માનવી કષાય–વિષયના પ્રેરક અને પોષક જડાત્મક સાધનો મેળવીને તેનો આસક્તિભાવે ઉપયોગ કરવામાં સુખ શાંતિ માને છે, પણ પરિણામે તેમને નિરાશ થવું પડે છે; કારણ કે જડના સંસર્ગથી સંસર્ગના કાળમાં જ અનેક પ્રકારના આધિ, વ્યાધિ આદિ અનેક પ્રકારના પ્રતિકૂળ પરિણામોનો આવિર્ભાવ થાય છે અને આગામી ભવમાં આત્માને અનીષ્ઠ સંયોગોમાં કે જેને દુનિયા દુઃખસ્વરૂપ દુર્ગતિના નામથી ઓળખાવે છે તેમાં અનિચ્છાએ પણ આથડવું પડે છે.

આ ઉપરથી ફલિત થાય છે કે કષાય–વિષયને ઉપશમાવીને જડની અપેક્ષા રાખ્યા વગર આત્મસ્વરૂપમાં સ્થિર રહ્યા છે તે જ સુખ–શાંતિ ભોગવી રહ્યા છે. અને તે જ જ્ઞાની મહાપુરુષો કહી શકાય છે. બાકી જગતમાં વિદ્વત્વની, તપસ્યાની, વાચાળતાની કે એવી બીજી કોઇ પણ પ્રકારની કળાથી જગતના અજ્ઞાની જીવોને રંજિત કરીને પોતાની કષાય–વિષયજન્ય ક્ષુદ્ર વાસનાઓ પોષીને પોતાને સુખ, શાંતિ ભોગવવાનું માનતા હોય તો તે અજ્ઞાની હોવાથી દિશા ભૂલ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્મરણ : સંજ્ઞા, સંખ્યા ઈત્યાદિ

( લે૦ પ્રો૦ હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

**અર્થ**—'સ્મરણ' એ સંસ્કૃત શબ્દ છે. 'સ્મૃ' ધાતુ ઉપરથી એ બનાવાયો છે. 'સ્મૃતિ' શબ્દ પણ એ રીતે નિષ્પન્ન થયો છે. આ બંનેનો અર્થ 'યાદ' છે, છતાં જેમ 'સ્મૃતિ' શબ્દ મનુ-સ્મૃતિ વગેરે વૈદિક ધર્મશાસ્ત્રના અર્થમાં વૈદિક હિંદુઓ વાપરે છે તેમ જૈન સમાજમાં 'સ્મરણ' શબ્દ અમુક અમુક વિશિષ્ટ સ્તોત્રોનો વાચક ગણાય છે. થોડીઘણી તપાસ કરતાં એમ જણાય છે કે વિક્રમની સત્તરમી સદી પૂર્વે આ સંજ્ઞા ઉદ્ભવેલી જણાતી નથી.

જે અમુક સ્તોત્રો સવાર સાંજ જૈનો યાદ કરે છે તેને તેઓ 'સ્મરણ' તરીકે ઓળખાવે છે. સ્મરણનો આ અર્થ "સાર્થ ગૂજરાતી જોડણી કોશ"-ની ચોથી આવૃત્તિમાં એ નથી. જૈનોના કેટલા યે ગુજરાતી પારિભાષિક શબ્દો આવા કોશમાં નથી તો એ ત્યાં નોંધાવા ઘટે અને તેની ભૂમિકારૂપે જૈનો તરફથી પોતાના સાંપ્રદાયિક ગુજરાતી શબ્દોનો કોશ પ્રસિદ્ધ થવો જોઇએ.

**સંખ્યા**—સ્મરણોની સંખ્યા બે રીતે ગણાવાય છે. કેટલાકને મતે સાત સ્મરણો છે તો કેટલાકને મતે એ નવ છે. જેઓ સાત સ્મરણો ગણાવે છે તેમાં પણ સ્તોત્રોની અપેક્ષાએ તો ભેદ છે, જો કે સંખ્યા પરત્વે એકવાક્યતા છે.

**જિનરત્ન કોશ**( ભા. ૧, પૃ. ૪૧૬ )માં "સપ્ત સ્મરણ સ્તોત્ર" એ શીર્ષકપૂર્વક નીચે મુજબ સાત સ્મરણો ગણાવાયાં છે:—

(૧) નંદિષેણકૃત **અજિતશાન્તિસ્તવ.**

(૨) જિનદત્તે રચેલું 'ઉલ્લાસિક્કમ' સ્તોત્ર.

(૩) માનતુંગકૃત **નમિઊણ** યાને ભયહર સ્તોત્ર.

(૪) જિનદત્તે રચેલું 'તં જયઉ' સ્તોત્ર (યાને સ્મરણાસ્તવ. )

(૫) જિનદત્તનું **ગુરુપારતંત્ર્યસ્તોત્ર**

(૬) જિનદત્તનું 'સિગ્ઘમવહરઉ' સ્તોત્ર.

(૭) ભદ્રબાહુકૃત 'ઉવસગ્ગહર' સ્તોત્ર.

આ ઉલ્લેખમાં એક ભૂલ છે. જેમકે બીજું સ્તોત્ર જિનદત્તે નહિ પણ જિનવલ્લભસૂરિએ રચ્યું છે. એને '**લઘુ-અજિત-શાન્તિ-સ્તવ**' પણ કહે છે. એમાં ૧૭ પદ્યો છે. પહેલું પદ્ય શાર્દૂલવિક્રીડિત છંદમાં છે; પછીના પંદર પદ્યો માલિનીમાં છે અને અંતિમ ( ૧૭ મું ) પદ્ય દ્વિપદીમાં છે. એના ઉપર ધર્મતિલકની વિસ્તૃત વૃત્તિ છે, જ્યારે સમયસુન્દરકૃત વૃત્તિ તો નાની છે. આ મોટી વૃત્તિ વિસ્તારાર્થીએ જોવી એમ સમયસુન્દરે કહ્યું છે.

"જિનદત્તસૂરિ-જ્ઞાનભંડાર" ( સુરત ) તરફથી ઈ. સ. ૧૯૪૨ માં સમયસુન્દરગણિકૃત સંસ્કૃત ટીકા સહિત પ્રસિદ્ધ થયેલ **સપ્તસ્મરણસ્તવ**ના અનુક્રમમાં '**तं जयउ**' સ્તોત્રનું અપર નામ 'ગુરુપારતન્ત્ર્ય-સ્તવ' સૂચવાયું છે, નહિ કે એના પછીના પાંચમા સ્મરણરૂપ 'મયરહિય' સ્તવનું આ સૂચન ખોટું છે, અને **જિનરત્નકોશ**ગત ઉલ્લેખ સાચો છે, કેમકે **સમયસુન્દરગણિ**એ 'મયરહિય' સ્તોત્રની પહેલી ગાથાની ટીકા( પૃ ૩૬ )માં આ સ્તોત્રને સુગુરુજન-પારતંત્ર્યસ્તવરૂપ પાંચમું સ્મરણ કહ્યું છે. વળી આ સ્તોત્રની પહેલી ગાથામાં પણ 'સુગુરુજણપારતંત્તં' એ ઉલ્લેખ છે. અને આમ કર્તાને પણ આ નામ અભિપ્રેત છે.

**વૃત્તિ**—'નમિઊણ' સ્તોત્ર ઉપર **જિનપ્રભ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂરિએ વિ. સં. ૧૩૬૪ માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એ વિસ્તારાર્થીએ જોવી એમ સમયસુન્દરગણિએ આ સ્તોત્ર ઉપરની ટીકાના અંતમાં કહ્યું છે. જિનરત્નકોશમાં આ ટીકાનું વર્ષ ૧૩૬૫ અપાયું છે.

જિનરત્નકોશ( પૃ ૪૧૭ )માં સપ્તસ્મરણને અંગે પાંચ ટીકાની નોંધ છે:—

( ૧ ) સિદ્ધિચન્દ્રગણિકૃત ટીકા.

( ૨ ) 'નાગપુરીય તપા' ગચ્છના ચન્દ્રકીર્તિના શિષ્ય હર્ષકીર્તિકૃત ટીકા.

( ૩ ) 'ખરતર' ગચ્છના જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૬૫ માં રચેલી ટીકા.

( ૪ ) 'ખરતર' ગચ્છના સમયસુંદરગણિએ વિ. સં. ૧૬૯૫માં રચેલી ટીકા.

( ૫ ) અજ્ઞાતકર્તૃક ટીકા.

આ જિનરત્નકોશના પ્રણેતાએ આ પ્રત્યેક ટીકાની હાથપોથીઓ જોઇ હોય એમ જણાતું નથી; નહિ તો ઉપર્યુક્ત જ સાત સ્તોત્રો ઉપર આ ટીકાઓ છે કે કેમ એ પ્રશ્ન એમને ઊઠત. ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિરમાં સરકારની માલિકીની સિદ્ધિચન્દ્રગણિકૃત ટીકાની અને હર્ષકીર્તિકૃત ટીકાની "સપ્તસ્મરણ ટીકા" નામની હાથપોથીઓ છે.

આ હાથપોથીઓ તો અહીં મારી સામે નથી, પણ એને અંગેની નોંધ છે. એ ઉપરથી સિદ્ધિચન્દ્રકૃત ટીકાવાળી હાથપોથીમાં ચાર જ સ્તોત્રોની ટીકા છે એમ જણાય છે:—

(૧) નવકારમંત્ર.

(૨) ઉવસગ્ગહર ( ઉપસર્ગહર ) સ્તોત્ર.

(૩) તિજયપહુત્ત ( સપ્તતિશત જિન ) સ્તોત્ર

(૪) નમિઊણ ( ભયહર ) સ્તોત્ર

હર્ષકીર્તિકૃત 'સપ્તસ્મરણ ટીકા' ના ઉલ્લેખવાળી હાથપોથીમાં (૧) નવકાર; (૨) 'ઉવસગ્ગહર' સ્તોત્ર, (૩) 'નમિઊણ' સ્તોત્ર, (૪) 'લઘુશાન્તિ સ્તોત્ર, (૫) 'તિજયપહુત્ત' સ્તોત્ર, ( ૬ ) અજિતશાન્તિ સ્તવ ( ૭ ) ભક્તામર સ્તોત્ર અને (૮) બૃહચ્છાન્તિ સ્તવ એમ આઠ સ્તોત્રોની ટીકા છે.[૧] બીજી એક હાથપોથીમાં નવ સ્તોત્રોની ટીકા છે. (૧) નવકાર, (૨) 'ઉવસગ્ગહર' સ્તોત્ર, ( ૩ ) 'સંતિકર' સ્તોત્ર, (૪) 'નમિઊણ' સ્તોત્ર. ( ૫ ) લઘુશાન્તિ સ્તોત્ર, (૬) 'તિજયપહુત્ત' સ્તોત્ર, ( ૭ ) અજિતશાન્તિ સ્તોત્ર, (૮) ભક્તામર સ્તોત્ર અને (૯) બૃહચ્છાન્તિ સ્તોત્ર[૨]

ભાં. પ્રા. સં. મં. માં લઘુશાન્તિ સ્તોત્રની હર્ષકીર્તિસૂરિકૃત વ્યાખ્યાની હાથપોથી છે. એમાં અંતમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"चतुर्थ( र्थे )स्मरण( णे )टीका कृता शान्तिस्तवाभिधे ।[૩]"

આમ અહીં 'સ્મરણ' શબ્દ વપરાયો છે એટલું જ નહિ પણ લઘુશાન્તિ સ્તોત્રને ચોથું સ્મરણ ગણેલ છે. આ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે જિનરત્નકોશમાં ગણાવેલાં સાત સ્મરણો કે જે 'ખરતર' ગચ્છ અનુયાયીઓ આજે પણ ગણે છે તે અને હર્ષકીર્તિસૂરિએ જે સાત સ્મરણો ગણાવ્યાં છે તે ભિન્ન છે.

હર્ષકીર્તિસૂરિએ બૃહચ્છાન્તિસ્તવ ઉપર વૃત્તિ રચી છે. એના અંતમાં નીચે પ્રમાણે પંક્તિ છે:—

"इति श्रीबृहच्छांतिटीका संपूर्णा । इति सप्तस्मरणानां वृत्तिः समाप्ततामगमत् "[૪]

આ ઉપરથી એ જાણી શકાય છે કે બૃહચ્છાન્તિ સ્તોત્ર એ હર્ષકીર્તિસૂરિને મતે સાતમું સ્મરણ છે.

---

૧ જુઓ D C J M ( Vol . XVII, pt. 3, p, 168 ),

૨ એજન, પૃ. ૧૬૭.

૩ જુઓ D C J M. ( Vol. XVII, pt. 4, p. 135 ).

૪ એજન, ( પૃ. ૧૨૧ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હર્ષકીર્તિસૂરિએ **નવકાર મન્ત્ર** ઉપર વ્યાખ્યા કરતાં સાત સ્મરણોનું વિવરણ કરવાનું સૂચવ્યું છે. સાથે સાથે આ વ્યાખ્યામાં સ્મરણનો અર્થ સમજાવાયો છે. પર્વ-દિવસોમાં સકળ શ્રેયને માટે તેમજ ક્ષુદ્ર ઉપદ્રવાદિરૂપ દોષના નિવારણાર્થે કે કોઇ (ખાસ) કારણ વગેરે મળતાં સુખ અને શાંતિ માટે જેનું સ્મરણ કરાય છે-જે ગણાય છે તે **સ્મરણ** છે અને આવાં સ્મરણો સાત છે એમ આ સૂરિએ કહ્યું છે. અહીં **નવકારમંત્રને** પ્રથમ સ્મરણ કહ્યું છે.[1] એવી રીતે એમણે 'ઉવસગ્ગહર' સ્તોત્રને બીજું સ્મરણ કહ્યું [2]છે. અને '**અજિય-સંતિ**' સ્તોત્રને છઠ્ઠું સ્મરણ કહ્યું [3]છે. ઉપર જોઇ ગયા તેમ **લઘુશાન્તિસ્તોત્ર** એ એમના મતે ચોથું સ્મરણ છે અને **બૃહચ્છાન્તિસ્તોત્ર** એ સાતમું સ્મરણ છે. આથી ત્રીજું સ્મરણ તે કયું અને પાંચમું સ્મરણ તે કયું એટલું જ જાણવું બાકી રહે છે.

ભાં. પ્રા. સં. મં. માં એક પ્રાચીન હાથપોથી છે. એમાં નીચે મુજબ ૧૧ સ્તોત્રો સ્તવો છેઃ—

(૧) નવકાર, (૨) ઉપસર્ગહરસ્તોત્ર, (૩) **તિજયપહુત્ત** યાને **સપ્તતિશત** જિનસ્તોત્ર, (૪) **શાંતિકરસ્તવ** (૫) **નમિઊણ** સ્તોત્ર (૬) ભકતામરસ્તોત્ર (અપૂર્ણ) (૭) અજિતશાન્તિસ્તવ, (૮) લઘુશાંતિ સ્તોત્ર (૯) બૃહચ્છાંતિસ્તોત્ર, (૧૦) કલ્યાણમંદિર સ્તોત્ર અને (૧૧) 'જયતિહુયણ' સ્તોત્ર.

આ ઉપરથી એવી એક કલ્પના સ્ફુટ થાય છે કે કેટલાક આ ક્રમે અગિયાર સ્તોત્રો ગણતાં હશે. એમ હો કે ન હો પણ પ્રચલિત નવ સ્મરણના ક્રમ પણ કાળાંતરે નિયત થયા હોય એમ ભાસે છે.

જેઓ આજકાલ નવસ્મરણો ગણે છે તેઓ નીચે મુજબના ક્રમને અનુસરે છે.

(૧) નવકાર, (૨) 'ઉવસગ્ગહર' સ્તોત્ર, (૩) સંતિકર, (૪) તિજયપહુત્ત, (૫) નમિઊણ, (૬) અજિયસંતિ, (૭) ભક્તામર, (૮) કલ્યાણમંદિર અને (૯) બૃહચ્છાંતિ,

કેટલાક 'ખરતર' ગચ્છના અનુયાયીઓ **જિનરત્નકોશમાં** નોંધેલાં સાત સ્મરણો ઉપરાંત પણ કેટલાક સ્તોત્રો ગણે છે. જેમકે **ભક્તામર-સ્તોત્ર, બૃહચ્છાન્તિસ્તવ** અને **કલ્યાણમન્દિર સ્તોત્ર.**

કેટલાક જૈનોની એ માન્યતા છે કે **ભક્તામર-સ્તોત્ર** સવારે ગણવું અને **કલ્યાણમંદિર સાંજે** ગણવું. આ માટે કોઇ સબળ કારણ એમની તરફથી જાણવા મળતું નથી તેમ કોઇ પ્રાચીન કૃતિમાં આ જાતનો ઉલ્લેખ હોય એમ જાણવામાં નથી તો વિશેષજ્ઞોએ આ બાબત ઉપર પ્રકાશ પાડવો ઘટે.

જે સાત તેમજ નવ સ્મરણો ગણાવાય છે તે ભિન્ન ભિન્ન સમયે જુદા જુદા કર્તાને હાથે રચાયા છે, આથી એ વાત ફલિત થાય છે કે એની સંખ્યા વખત જતાં નિયત કરાઇ છે. કોઇ સ્થળે સ્મરણોની સંખ્યા સાત અને નવ સિવાયની જણાવાઇ હોય એમ લાગતું નથી. લગભગ સત્તરમી સદીમાં જ સાતની સંખ્યા નક્કી કરાઇ હોય તો ના નહિ.[1] નવની સંખ્યા ક્યારથી ઉદ્ભવી એની તપાસ કરવી બાકી રહે છે. સ્તોત્રો ગણાતા હશે.

**પ્રગટિત વૃત્તિઓ**—સ્મરણોની ટીકાને અંગે એ સૂચવીશ કે **નવકારમન્ત્ર સિદ્ધચન્દ્રગણિએ** અને હર્ષકીર્તિસૂરિએ રચેલી વ્યાખ્યા ઉપર તેમજ 'ઉવ-

૧ જુઓ D C J M (Vol. XVII, pt. 3, p. 167).

૨ એજન (પૃ. ૧૯૨).

૩ જુઓ D C J M (Vol. XVII, pt. 4, p. 30). અહીં "અજિતશાંતિ સ્મરણ" એવો ઉલ્લેખ છે.

૧ સમયસુન્દરગણિએ **સપ્તસ્મરણની** વૃત્તિના અંતમાં 'સપ્તસ્મરણટીકા' એમ કહ્યું છે અને આ વૃત્તિ વિ. સં. ૧૬૯૫ માં રચાઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સુવાક્યો.

શ્રી વીતરાગ પરમાત્માનું દર્શન એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

શ્રી જિનશાશનની સેવાથી મેં જે પુણ્ય ઉપાર્જિત કર્યું હોય તેના ફળ રૂપે શ્રી જિન શાસનની સેવાજ મને ભવો ભવ પ્રાપ્ત થાઓ.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર હો.

શ્રી પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે. તથા સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

મારૂડિક મંત્ર જેમ સર્પ વિષનો તેમ શ્રી નવકાર મંત્ર સમસ્ત વિષનો નાશ કરે છે.

શ્રી નવકાર એ સારની પોટલી, રત્નની પેટી અને ઇષ્ટનો સમાગમ છે.

અંતકાળે જેણે શ્રી નવકારને યાદ કર્યો તેણે તેણે સકળ સુખને આમંત્રણ કર્યું છે અને સકળ દુઃખને હમેશ માટે તિલાંજલિ આપી છે.

આ નવકારના પ્રભાવથી વ્યાધિ, જલ, અગ્નિ, તસ્કર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ આદિના ભયો નાશ પામે છે.

ચિત્તથી ચિન્તવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધીજ થતું નથી કે જ્યાંસુધી શ્રીનવકારને સ્મરવામાં આવ્યો નથી

જે ભાવથી એક લાખ નવકાર ગણે છે, તથા વિધિપૂર્વક શ્રી જિનેશ્વર દેવને પૂજે છે તે આત્મા અવશ્ય તીર્થંકર નામ ગોત્ર બાંધે છે.

**અચ્છાબાબા.**

---

સગ્ગહર' સ્તોત્ર ઉપર **જિનપ્રભસૂરિકૃત અર્થકલ્પલતા** નામની વૃત્તિ **સિદ્ધિચન્દ્રગણિકૃત** વ્યાખ્યા અને હર્ષકીર્તિસૂરિકૃત વ્યાખ્યાએ **અનેકાર્થરત્નમંજૂષામાં** છપાયેલી છે. અને એનું સંપાદન મારે હાથે થયું છે.

'નમિઊણ' સ્તોત્ર ઉપર અવચૂરિ, **ભક્તામર સ્તોત્ર** ઉપર ગુણાકરસૂરિએ વિ. સં. ૧૪૨૬માં વૃત્તિ, મેઘવિજયકૃત વૃત્તિ અને કનકકુશલગણિએ વિ. સં. ૧૬૫૨માં રચેલી [1]વૃત્તિ તેમજ **કલ્યાણમંદિર સ્તોત્ર** ઉપર વિ. સં. ૧૬૫૨માં કનકકુશલ ગણિએ રચેલી વૃત્તિ અને **માણિક્યચન્દ્રકૃત** વિવૃત્તિ 'ભક્તામર–કલ્યાણમંદિર–નમિઊણ–સ્તોત્રત્રય'ને નામે મેં સંપાદિત કરેલી આવૃત્તિમાં છપાએલી છે.

'ખરતર' ગચ્છના મત મુજબનાં સાત સ્મરણોની **સમયસુન્દરગણિકૃત** પ્રસિદ્ધ ટીકાની આ પૂર્વે મેં નોંધ લીધી છે. 'અજિયસંતિ' થવ જરૂર એક અવચૂરિ છપાયેલી મારી પાસે છે, પણ એનું મુખપૃષ્ઠ નથી એટલે એ કોણે કયારે છપાવી તેનો નિર્દેશ કરી શકતો નથી. નવ સ્મરણો પ્રાચીન અને વિસ્તૃત ટીકાઓ સહિત વિશિષ્ટ પ્રસ્તાવના સાથે છપાય એ ઇચ્છાવાજોગ છે. આશા છે કે કોઇક ધનિક કે સાધન સંપન્ન સંસ્થા આ કાર્ય હાથ ધરશે.

---

[1] આમાં કનકકુશલગણિએ પોતાને હીરવિજયસૂરિના શિષ્ય કહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિહાર–સમાચાર

યુગવીર આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય–પ્રશિષ્યાદિ, મંડલી સહિત ફાલનાથી વિહાર કરી ખુડાલા પધાર્યા. ત્યાંથી શ્રી સંઘમાં ધ્વજાદંડ ચઢાવવા સંબંધમાં મતભેદ હતો તે દૂર કરી અને વૈશાખ વદિ ૬ ને નવો ધ્વજાદંડ ચઢાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. ધ્વજા ચઢાવવાનો હક્ક જેમનો હતો તેમનો જ રાખવામાં આવ્યો. ત્યાંથી વાલી પધાર્યા અને નવા ભવ્ય જૈન મંદિરની પ્રતિષ્ઠા અંજનશલાકાનું મુહૂર્ત જેઠ સુદિ પાંચમનું નક્કી કરાવી પાછા ખુડાલા પધારી ત્યાંથી વિહાર કરી મહા વદી ૧૩ તેરસે જાકોડાજી-તીર્થ પધાર્યા. ચૌદશે સુમેર–શિવગંજ પધારતાં બન્ને સ્થાનોમાં સમારોહથી પ્રવેશ શ્રીસંઘે કરાવ્યો અને ત્યાં આચાર્યશ્રીજીના પ્રભાવશાળી વ્યાખ્યાનો થયાં. ફાગણ સુદ ત્રીજે શ્રીવર્ધમાન તત્વપ્રચારક વિદ્યાલય અને શ્રી આત્માનંદ જૈન પાઠશાળાના આગેવાનોના વિનંતી આચાર્યશ્રીજીની આજ્ઞાથી પંન્યાસ સમુદ્રવિજયજી પંન્યાસ પૂર્ણાનંદવિજયજી વગેરે પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. શ્રીવર્ધમાન તત્વપ્રચારક વિદ્યાલયમાં જૈન બાળકો તે ફ્રી છે ધાર્મિક ઉચ્ચ શિક્ષણ આપી ધાર્મિક માસ્ટરો પેદા કરી ધાર્મિક જ્ઞાનપ્રચાર કરવાનો ઉદ્દેશ છે '

હાલમાં ૩૦–૩૫–વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે કાર્યકર્તાઓની ૬૦ વિદ્યાર્થીઓને રોકી અભ્યાસ કરવાની ઉચ્ચ ભાવના છે.

શ્રી આત્માનંદ જૈન પાઠશાળામાં સાધુ સાધ્વી-ઓને અભ્યાસ કરાવવાની વ્યવસ્થા છે. વ્યાકરણ, કાવ્ય, ન્યાયાદિ અભ્યાસીને માટે પણ છે.

ચોથે આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં મેલાવડો કરી વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યું, ફા. સુ. પાંચમે વ્યાખ્યાન વાંચી આચાર્યશ્રી વિહાર કરી વડગામ પધાર્યા. અત્રેથી વિહાર કરી બાદલા, રૂગનાથપુરા, બેડાભંદર, નાણા, ચામુદેરી, માલણુગઢ, શિવેરા, બામણવાડા, ઝાલારી, પીંડવાડા, કોજરા, પેરવા, સ્વરૂપગંજ, રોહીડા. ભીમાણ. ભારની ઓડ થઇ ફાગણ વદિ દશમે આબુરોડ ખરાડી પધાર્યા. બધાએ ગ્રામનગરોના શ્રી સંઘોએ ખુબ ઠાઠમાઠથી આચાર્ય-શ્રીજીનો સમારોહપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો અને વ્યાખ્યાન વાણીઆદિનો લાભ ઉઠાવ્યો, બેડામાં ઠાકોર સાહેબે ઉપાશ્રયમાં પધારી આચાર્યશ્રીજીના ઉપદેશા-મૃતનો લાભ લીધો.

નાણામાં નાણા ઠાકોર સાહેબ લક્ષ્મણસિંહજીએ આચાર્યશ્રીજીનું સામૈયું પોતાના મહેલ પાસે આવતાં આચાર્યશ્રીજીના ચરણોમાં પડી નમસ્કાર કર્યા અને વિનંતિ કરી પોતાના મહેલમાં દોઢ કલાક સુધી આચાર્યશ્રીજીના ઉપદેશામૃતનું પાન કરી કૃતકૃત્ય થયો તેમજ ખાસ વિનંતિ કરી પંન્યાસ સમુદ્રવિજયજી, પન્યાસ પૂર્ણાનંદવિજયજી આદિને ગૌચરી માટે તેડી ગયા. ઘણી જ ભક્તિપૂર્વક પોતાના હાથે અને ઠક-રાણીઓ સાથે વહોરાવ્યું અને બધાએ માંસ-ભક્ષણનો ત્યાગ કર્યો.

ઠાકોર સાહેબે પહેલાં પંન્યાસજી શ્રી પૂર્ણાનંદ-વિજયજી મહારાજના સદ્ ઉપદેશથી વર્ષ ભરમાં લગ-ભગ ત્રણ મહિના પોતાના તાબાના ગામોમાં જીવ-દયા પળાવવાનો પ્રબંધ કરેલો છે. રાતના ઠાકોર સાહેબના નાનાભાઇ ઉપાશ્રયે પધારી ઉપદેશ સાંભળી શીકારાદિ હિંસા બંધ કરી છે.

ખરાડી–આબુરોડ ફા૦ વ૦ ૧૧ ની સંક્રાન્તિ હોવાથી દશમની સાંજ–સુધીમાં બહાર ગામ પંજાબ, બીકાનેર બ્યાવર વિગેરેથી ભાવિકો આવી પહોંચતા અગીયારસના ૮॥ વાગ્યે જૈન ધર્મશાળાના મેદાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભા ભરવામાં આવી. ભજનો થયાં અને મુનિશ્રી જનકવિજયજીનું મનોહર ભાષણ થયું.

આચાર્યશ્રીજીએ ચૈત્ર સંક્રાન્તિનું નામ સંભળાવ્યું અને આ માસમાં આવતા કલ્યાણકો જૈન પર્વના નામ સંભળાવી ધર્મોપદેશ આપ્યો. આચાર્યવર્ય શ્રી આનંદસાગરજી મહારાજના સમુદાયના પંન્યાસજી શ્રી હેમસાગરજી મહારાજ આદિ ઠાણા પાંચની અને સાધ્વીજી શ્રી હેમશ્રીજી, કપુરશ્રીજી આદિની ઉપસ્થિતિ ધ્યાન ખેંચનારી હતી.

પાલણપુરથી નગરશેઠ ચીમનલાલ મંગળજીભાઇ તથા શેઠ નાનાલાલભાઇ ચીમનલાલ પારેખ વગેરે વગેરે શેઠિયાઓ બામણવાડજી તીર્થે પણ આવ્યા હતા અને અહિંના ઘણા ભાવિકોએ લાભ લીધો હતો તેમજ ખુડાલા, રોહીડા, પીંડવાડા, સ્વરૂપગંજ, ભારજા, માલણ, હમીરગઢ આદિ આસપાસના ભાવિકોએ પણ લાભ લીધો.

બહારથી પધારેલા સાધર્મિકભાઇઓની ભક્તિનો લાભ રોહીડાનિવાસી શેઠ હજારીમલજી વેણીચંદજીએ લીધો આચાર્યશ્રીજીએ બારસે વિહાર કરી સાતપુર, વાકા, હમીરગઢ, સલોતરા, ઇકબાલગઢ, જેતી ચીતરાસણી, થઇ ચૈ. સુ ૪ ચોથ માલણ પધાર્યા. અત્રે પાલણપુરના ભાવિકોની ઉપસ્થિતિ રહેતી ઇકબાલગઢમાં ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્‌વિજયાનંદસૂરિશ્વરજી મહારાજની જન્મજયંતિ ઉજવવામાં આવી. આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરિજી મલ્યા અને માલણમાં બે દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાન, વાણી, પૂજા, પ્રભાવના આદિ કાર્યો સારાં થયાં. પાંચમે આચાર્ય શ્રીજીની અધ્યક્ષતામાં શા મણીલાલ અમીચંદે નાણુ મંડાવી સજોડે ચતુર્થવ્રત ઉચ્ચર્યું તેમજ ડુંગર હેમચંદ ફોજમલજી, હેમરાજે બાર વ્રત અને ચોથું વ્રત સજોડે તેમજ બીજી પચીસેક બાઇઓએ વિવિધ પ્રકારના વ્રતો ઉચ્ચર્યા હતા. તેમજ ઘણા ભાઇઓએ પ્રભુપૂજા આદિના નિયમો લીધા. પૂજા ભણાવવા માટે અમદાવાદથી રમણલાલભાઇ આદિ પધાર્યા હતા. માલણથી ચૈ૦ સુ૦ ૬ પહેલી છઠ્ઠે વિહાર કરી વાંસડા પધાર્યા. બીજી છઠ્ઠે આચાર્યશ્રીજી મુનિમંડલી સહિત પાલણપુર પધાર્યા.

---

## પાલણપુરના સમાચાર.

યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી આદિ મુનિમંડળ માલણ, વાસડા ( પાલણપુરથી પાંચ ગાઉ નજીકનાં ગામ છે. ) થઇ અત્રે પધારવાના હતા. તે પહેલાં પાલણપુર સંઘમાં ખૂબ ઉત્સાહ વ્યાપી રહ્યો હતો. પૂજ્ય આચાર્યશ્રી ઘણે વર્ષે આવી વયોવૃદ્ધ એંકારી વર્ષની અવસ્થાએઅત્રે પધારતાં હોઇ સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો હતો.

પૂજ્ય આચાર્યશ્રી આબુરોડ પધાર્યા ત્યારથી અત્રેના આગેવાનો આદિ ઘણા ભાઇઓ ખરેડી, ઇકબાલગઢ, માલણ, વાસડા આદિ સ્થળોએ જતા આવતા રહેતા. પૂ. આચાર્યશ્રીના સ્વાગત માટે નવા દરવાજાથી ( કમાલપુરામાં ) શ્રી તપગચ્છ ઉપાશ્રય સુધીના લગભગ દોઢ માઇલના માર્ગને બહુજ ભવ્ય રીતે શણગારવામાં આવ્યો હતો. પૂ. આચાર્યશ્રી આદિ મુનિમંડળ ચૈત્ર સુદ ૬ બીજી શનિવારના પધારવાના હોવાથી અત્રેના સંઘે વાજતેગાજતે સામૈયું કરી વરઘોડા સાથે પૂજ્યશ્રીને લેવા માટે સામે ગયો હતો. માનવમેદની પણ ઘણી હતી. પૂ. આચાર્યશ્રીના સન્માન માટે જૈનેતરોનો પણ ઘણો સારો સહકાર હતો. આ દિવસે મુસલમાન રંગરેજોએ માર્ગને શણગારી આચાર્યશ્રીનું બહુમાન કર્યું હતું.

માર્ગમાં ઠેર ઠેર ગહુંલી સાથે ચાંદીના ફૂલો અને સાચા મોતીથી વધાવવામાં આવ્યા હતા.

પૂ આચાર્યશ્રી બરાબર વિજય મુહુર્તે ઉપાશ્રયમાં પધાર્યા માંગળીક પ્રવચન કર્યું હતું. પૂ આચાર્યશ્રીએ મંગળીક પ્રવચનમાં શાન્તિ માટે ટકોર કરતાં ફરમાવેલ કે, **मैं जो मुखसे बोल रहा हुं वे मेरा कान नहि सुणता तो मेरा बोलने से फायदा क्या ?** પૂર્ણ થયા બાદ પ્રભાવના સાથે લોકો વિખરાયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાતુર્માસ અંગેની પૂ.શ્રીને વિનંતી કરતાં તેઓએ ફરમાવેલ કે સિધ્ધગિરિની યાત્રા કરવા ખૂબ ઉત્કંઠા ધરાવે છે, છતાં લાભાલાભનું કારણુ ઉપસ્થિત થતાં જ્ઞાનીએ જે દીઠું હશે તે થશે. આથી અત્રેનો સંઘ કેળવણી આદિની એક યોજના માટે લગભગ ખોલવાનું ફંડ એકત્ર કરવા પ્રયત્ન કરી રહેલ છે. મુંબઇ શ્રી જગદ્‌ગુરૂ જૈન મિત્રમંડળે ગયા મહીનામાં રૂા. ૧૦૦૦૦૦) એક લાખનું ફંડ એકત્ર કરવા માટે તૈયાર કરેલ ધાર્મિક સામાજિક કેળવણીની એક યોજના અત્રે પસંદ આવી છે. અને તેના અનુસંધાનમાં અત્રેના સંઘે પોણો લાખ તો એકઠા કર્યા પણ છે. એટલે લગભગ પૂ. આચાર્યશ્રીનું ચાતુર્માસ અત્રે થશે તેમ જણાય છે.

ચૈત્ર સુદ–૧૩ શુક્રવારના દિવસે શ્રી મહાવીર જન્મકલ્યાણુક ઉજવાશે અને બન્ને ફીરકાઓ એકત્ર મળી ઉજવશે. બન્ને ફીરકા સારી ભક્તિ કરશે.

બીજે દિવસે રવિવારે સવારે નવ વાગે શ્રી જગદ્‌ગુરૂ જૈન મિત્રમંડળ તરફથી પૂ. આચાર્યશ્રીની અધ્યક્ષતામાં શાહ બાદરમલ સુરચંદ શ્રી આલમચંદજી જૈન પાઠશાળા અને પરીખ શાન્તિલાલ છોટાલાલ જૈન શ્રાવિકાશાળાનો સંયુક્ત ઇનામી મેળાવડો કરવામાં આવ્યો હતો. બન્ને સંસ્થાના વિદ્યાર્થીઓ અને બાલિકાઓએ સંવાદો–સ્વાગત ગીતો આદિ બોધક હોવાથી પૂ આચાર્યશ્રીએ હર્ષ વ્યકત કર્યો હતો એટલું જ નહિં પણ માનનીય પ્રભાવશાળી પ્રવચન આપ્યું હતું.

• આચાર્યશ્રીનું ચાતુર્માસ અત્રે થાય તે અંગે અત્રે આબાળવૃદ્ધ દરેક અત્રે ખૂબ ઉત્સાહી છે. સ્વાગત પ્રસંગે મુંબઇથી અત્રેના ભાઇઓ ખાસ અત્રે આવેલા હતા.

## શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયન્તિ.

પરમ પૂજ્ય ગુરુદેવ, પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જન્મ જયન્તિ ચૈત્ર સુદી ૧, તા. ૧૯–૩–૫૦ રવિવારનાં રોજ રાબેતા મુજબ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ખૂબ ઉત્સાહપૂર્વક ધામધુમથી ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે જૈન આત્માનંદ સભાનાં હોદ્દેદારો, કાર્યવાહક સમિતિનાં સભાસદો, પેટ્રન સાહેબ, લાઇફ મેમ્બરો, ગુરૂદેવના ભક્તો તથા સ્ટાફનાં માણુસો પાલીતાણુાખાતે સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આ દિવસે શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં આગળ ગુરૂદેવની મૂર્તિ બિરાજમાન છે ત્યાં યથાવિધ પૂજા તથા આંગીથી ગુરુભક્તિ કરવામાં આવી હતી.

બપોરે ત્રણુને સુમારે હાજર રહેલા બંધુઓનું પ્રીતિભોજનથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. સર્વે 'ગુરૂદેવની જય' જયઘોષો વચ્ચે છૂટા પડ્યા હતા.

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનાં હસ્તદિક્ષીત સાધ્વીજી પંજાબી પ્રવર્તનીજી શ્રીમતી દાનશ્રીજી મહારાજશ્રીનો કપડવંજ મુકામે સ્વર્ગવાસ.

સંવત ૨૦૦૬ નાં માહ વદી ૯ શનિવાર તા. ૧૧–૨–૫૦ ની રાત્રે સાડાબાર વાગે નવકાર મંત્ર સ્મરણ સમાધિ સહ સ્વર્ગવાસ થયો છે.

પ્રવર્તનીજી દાનશ્રીજી મહારાજનો જન્મ ગુજરાતમાં ખંભાત પાસે નાર મુકામે સં. ૧૯૩૯ માં થયો હતો. દીક્ષા સં. ૧૯૫૬ નાં વૈશાખ સુદી ૬ ના રોજ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રવર્તનીજી સાધ્વીજી દેવશ્રીના શિષ્યા થયેલ, ચારિત્રપાત્ર હતા અને પોતાના ૫૦ વર્ષના ચારિત્રપર્યાયમાં ૪૧ સાધ્વીઓનો શિષ્યા પ્રશિષ્યાનો પરિવાર મૂકી ગયા છે પોતાનાં જીવનમાં વ્યાકરણુ, કોષ, પ્રાકૃત વ્યાકરણુ, પ્રકરણુ આદિ આગમોનો અભ્યાસ કરેલો હતો. તેમનાં પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ મળે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના.

આપને પુસ્તક ૪૮મા ( સં. ૨૦૦૬ ના શ્રાવણથી સં. ૨૦૦૭ ના અશાડ માસ એક વર્ષ )ની ભેટની બુક **શ્રી આદર્શ જૈન સ્રીરત્નો ભાગ ૨** જે ( કિંમત બે રૂપીયાની ) આપવાનો નિર્ણય થયેલ છે, જે અશાડ માસમાં લવાજમ અને પોસ્ટેજ પૂરતા વી. પી.થી ભેટ મોકલવામાં આવશે. લવાજમ જેમનું આવેલ હશે તેમને પોસ્ટેજ પુરતા વી. પી.થી ભેટ મોકલીશું. આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને અત્યાર સુધી ભેટ આપેલા સુંદર ગ્રંથોની નામાવલી આ ગ્રંથની પાછળના ભાગમાં આપેલ છે, જેથી નવા ગ્રાહકો થનારને માસિક સાથે કેવા સુંદર ગ્રથો દરવર્ષે ભેટ અપાય છે તે જાણી જૈન બંધુઓને ગ્રાહક થવા સૂચના કરીએ છીએ.

---

**આવતા પર્યુષણ સુધીમાં નવા થનારાં ( ૧ ) લાઇફ મેમ્બરોને ઉપરોક્ત ચાર ગ્રંથો ભેટ આપવામાં આવશે. બીજા વર્ગમાં દાખલ થનારને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.**

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિક્યદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પેસ્ટેજ જુદું.

---

## ૨ જ્ઞાનપ્રદીપ ભાગ બીજો.

### લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વજન સમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠનપાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે, સાચી સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચકભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. સાતમા વર્ષ ઉપર આ ગ્રંથના પ્રથમ ભાગનું ( એક હજાર કોપીનું ) પ્રકાશન થતાં જૈન જૈનેતર મનુષ્યોને ઉદારતાપૂર્વક એકએક કોપી ભેટ આપવામાં આવેલી હતી, તેની જ ફરી વખત એટલી બધી પ્રશંસા સાથે માંગણી થતાં તેની બીજી આવૃત્તિ ( એક હજાર કોપી )નું પ્રકાશન કરવામાં આવેલ તેનો પણ ઉપરોક્ત રીતે સદ્દઉપયોગ કરવામાં આવેલ હતો. આ બીજા ભાગમાં પણ તેજ વિદ્વાન આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે, તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે. ( બાઇડીંગ થાય છે. )

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ બીજો.

જનસમૂહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ (કથા સાહિત્ય)માંથી પુષ્પો લઇ જુદી જુદી આદર્શ ( જૈન સ્ત્રીરત્નો ) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, સ્ત્રી-ગૃહિણી અને પવિત્ર સ્ત્રીરત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબનરૂપ હોવાથી પ્રકાશન કરેલ છે. દરેક સતી ચરિત્રોનું પઠનપાઠન કરતાં અનેકવિધ આદર્શો અનુપમરીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનનપૂર્વક વાંચવા નમ્ર સુચના છે. સુંદર ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( કિંમત રૂા. ૬૩ )

આ ગ્રંથ સં. ૨૦૦૫ ની સાલમાં ભેટ આપવાનો હતો, તે અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલ છે, અને તે સાલમાં નવા થનારા લાઇફ મેમ્બરોને (પહેલા વર્ગનાને ભેટ આપવા માટે નકી કરેલ છેલ્લી મુદત સુધીમાં થયેલાં નવા થનાર સભ્યોને ભેટ આપવામાં આવેલ પણ છે.

**હવે આ સં. ૨૦૦૬ ની સાલ ચાલતી હોવાથી આ સાલમાં** ચાર ગ્રંથો ભેટ આપવાની જાહેર ખબર ઘણી વખત આપવામાં આવેલ છે, તેમજ આત્માનંદ પ્રકાશમાં નવા થનાર લાઇફ મેમ્બરોને પણ તે ચારે ગ્રંથો ભેટ આપવાની પણ સુચના અપાયેલ છે, છતાં આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, તેજ ગ્રંથ આ સાલ( હાલમાં ) નવા લાઇફ મેમ્બર થવાની [illegible]વાળા જૈન બંધુઓ અને બ્હેનો ( ગઇ સાલમાં જ ) ભેટ અપાયેલ તે ઉપરોક્ત ચરિત્ર ગ્રંથ ભેટ માંગે છે, એ ધારાધોરણ પ્રમાણે અને સામાન્ય રીતે પણ આગલા વર્ષોની ભેટ અપાઇ શકે નહિં; કારણ કે જ્ઞાનખાતાને દોષ આપનાર લેનારને પણ લાગે તેમ છે; પરંતુ નવા થનાર લાઇફ મેમ્બરોની ગ્રંથની પ્રશંસા જાણીને-વાંચવા આત્મકલ્યાણ સાધવા ઘણા પત્રો અમારા ઉપર આવેલ હોવાથી તમન્ના જોવાઇ છે, જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે **પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે.**

આગલી કોઇપણ સાલમાં થયેલા લાઇફ મેમ્બરોને ભેટ અપાયેલા કોઇપણ ગ્રંથની ભેટ માટેની માંગણી નવા થનારા સભ્યોને નહિં કરવા નમ્ર વિનંતિ છે.

બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને આ તથા બીજા ગ્રંથો ધારા મુજબ ભેટ આપવામાં આવશે.

---

**આવતી ૨૦૦૭ની સાલ માટે પેટ્રન સાહેબો તેમજ લાઇફ મેમ્બરોને નવા ગ્રંથો નીચે લખેલાં સચિત્ર જે છપાય છે તે ભેટ આપવામાં આવશે.**

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર.

૨ શ્રી દેવભદ્રાચાર્યરચિત શ્રી કથારત્નકોષ પ્રથમ ભાગ. જેમાં ( સમ્યક્ત્વનું વિસ્તૃત સ્વરૂપ દરેક બોલ ઉપર સુંદર કથાઓ સહિત. )

---

## યોજનામાં નવા સચિત્ર સાહિત્ય ગ્રંથો.

૧ શ્રી સુમતિનાથ ચરિત્ર શ્રી સોમપ્રભાચાર્યકૃત.

૨ શ્રી કથારત્નકોષ ભાગ ૨ બીજો શ્રી દેવભદ્રાચાર્યકૃત.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only